સુ વા સ

સુવાસ કાર્યાલય
રાવપુરા; **વડોદરા**

ત્રણ વર્ષ થયાં યુદ્ધનો દાવાનળ જગત પર ભભૂકી રહ્યો છે. તેની સર્વભક્ષી જ્વાળાઓએ સાહિત્યનાં અનેક અંગોને નિર્જીવ બનાવી મૂકયાં છે. જગતભરમાં કેટલાંય માસિકો-અઠવાડિકો અટકી પડયાં છે; કેટલાંક વખતોવખત કદ ઘટાડતાં રહ્યાં છે.

આ સંયોગોમાં પણ 'સુવાસ' અચળ ઊભું રહ્યું છે. પાંચેક માસ પર કદમાં બે ફોર્મનો ઘટાડો કરવા સિવાય તેણે કશો ફેરફાર નથી કર્યો. પણ યુદ્ધના સંયોગોમાં મોટાં શહેરો ખાલી થઇ રહ્યાં છે એટલે તે વિસ્તારોમાં ગ્રાહક-સંખ્યાને ક્ષતિ પહોંચે તે સ્વાભાવિક છે. તે ક્ષતિ પૂરવામાં મદદ કરવી તે સાહિત્ય-પ્રેમીઓની ફરજ છે. તે માટે ગ્રાહકબન્ધુઓને મિત્ર વર્ગનો સક્રિય સહકાર જરૂરી છે. શહેરો છોડીને ગ્રામ્ય વિસ્તારોમાં જઇ વસેલાં દેશજનો પણ ગ્રાહક બનીને સાહિત્યસેવામાં પોતાનો ફાળો નોંધાવે એવી વિનંતિ છે.

નિયમો—

'સુવાસ' દર મહિનાની પાંચમી તારીખે નિયમિત પ્રગટ થાય છે.

'સુવાસ' કાર્યાલયમાંથી દર મહિને દરેક અંક પૂરતી દેખરેખ નીચે પસાર થાય છે. એટલે આઠમી તારીખ લગીમાં 'સુવાસ' ન મળી જાય તો પહેલાં પોસ્ટમાં તપાસ કરવી.

'સુવાસ'નો ઉદ્દેશ પ્રજાની સાર્વત્રિક ઉન્નતિમાં દરેક રીતે મદદકર્તા બનવાનો છે. તે ઉદ્દેશને અનુકૂળ થઇ પડે એવા વિવિધ પ્રકારના લેખોને તેમાં સ્થાન અપાશે. અભ્યાસપૂર્ણ સાથોસાથ જોડણીશુદ્ધ, સરળ ને મૌલિક લેખોને પ્રથમ પસંદગી મળશે.

'સુવાસ'ના '**લેખક-મંડળ**'માં જોડાવાથી લેખકને વિના લવાજમે 'સુવાસ' મોકલાય છે; તેમને પોતાના પ્રગટ થયેલ લેખની આઉટપ્રીન્ટ્સ મળે છે, તેમજ સલાહકાર-મંડળમાં પ્રતિનિધિત્વ મળે છે.

'સુવાસ'નો નમૂનાનો અંક મંગાવનારે પાંચ આનાની ટિકિટો મોકલવી.

જેમાં ઉત્તર જરૂરી હોય એવા દરેક પ્રકારના પત્રવ્યવહારમાં, કે લેખો અસ્વીકાર્ય નીવડે તો તે પાછા મેળવવાને, જરૂરી ટિકિટો બીડવી જોઇએ, અને પોતાના પત્ર પર કે બુકપોસ્ટ પર પોસ્ટલ નિયમ પ્રમાણેની, પૂરતી ટિકિટો ચોડવી જોઇએ. નોટ-પેઇડ સ્વીકારવામાં નહિ આવે.

કાર્યાલયને લગતા પત્રવ્યવહારમાં તંત્રી કે સંચાલકનું નામ ન લખવું. કેમકે તેમ થવાથી તેમની ગેરહાજરીમાં તે પત્રની વ્યવસ્થા વિલંબજનક થઇ પડે છે.

'પ્રાચીન ભારતવર્ષ' કે 'Ancient India'ના ગ્રાહકોને પ્રથમ વર્ષે અર્ધા લવાજમે (લવાજમ રૂ. ૧-૮-૦+૦-૪-૦ પોસ્ટેજ=૧-૧૨-૦) અને ત્યારપછી એક વર્ષને માટે પોણા લવાજમે (૨-૮-૦) 'સુવાસ' મળી શકશે.

કાગળની મોંઘવારીના કારણે ભેટની નકલો ઓછી કરવામાં આવી છે તો લેખકવર્ગ અને મિત્રમંડળ તે માટે ક્ષમા કરશે એવી આશા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ नारायण

પરમહંસ શ્રી સ્વામી રામતીર્થના ઉપદેશ સ્વરૂપ
મહાગૂજરાતની સંસ્કારી પ્રજાનું

ધાર્મિક માસિકપત્ર 'ઉત્થાન'

તંત્રી – સ્વામી શ્રી. સ્વયંજ્યોતિ તીર્થ

જોરદાર લખાણનાં દર મહિને પૃષ્ઠ ૮૦. વરસ દહાડે પૃષ્ઠ ૯૬૦; છતાં
વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૩-૮-૦ પોસ્ટેજ સાથે
સત્વર લવાજમ મોકલી ગ્રાહક તરીકે નામ નોંધાવી લ્યો.
ગમે ત્યારે ગ્રાહક થનારને વર્ષના બધા અંકો મોકલવામાં આવે છે

લખો—પ્રબન્ધક : 'ઉત્થાન'

જ્ઞાન સાધન આશ્રમ—છોટાઉદેપુર (પૂર્વ ગુજરાત)

બાળક કોઇ પણ પત્ર સાથે જોડાયેલું નથી

સ્વતંત્ર રીતે ૧૯ વરસથી પ્રગટ થાયછે

બાળક માસિક બાળકો માટે જ પ્રગટ થાય છે સાદી ને સીધી ભાષા હોઈ આજના પ્રૌઢ-શિક્ષણના જમાનામાં અક્ષરજ્ઞાનની શરૂઆત કરનારાઓને તેમાંથી કંઇ કંઈ મળી રહેશે.
છતાં લવાજમ વરસના ફક્ત રૂપિયા બે
તમારી સંસ્થા કે ઘરમાં બાળક અવશ્ય હોવું જોઇએ,
કેમકે નિર્દોષ બાલુડાં બાળક વાંચવા ઘણાં આતુર હોય છે :
નવા વરસથી ઘણો ફેરફાર થયો છે.

'બાળક' કાર્યાલય, રાવપુરા—વડોદરા

આરોગ્ય, વ્યાયામ અને તંદુરસ્તી વિષયક સંપૂર્ણ અને સચિત્ર
માહિતી સતત ૨૬ વર્ષથી આપતું માસિક

વ્યાયામ

વાર્ષિક લવાજમ – હિંદમાં રૂા. ૨-૮-૦ પરદેશ શિલિંગ-૫.

શરીર તંદુરસ્તી સિવાય બધું નકામું છે. શરીરને તંદુરસ્ત, નિરોગી અને સશક્ત કેવી રીતે બનાવવું અને આરોગ્ય પ્રાપ્ત કર્યા પછી તે કેવી રીતે ટકાવી રાખવું, તે વ્યાયામ વાંચવાથી પણ જાણી શકાશે.

આપના ઘરમાં, આપની લાયબ્રેરીમાં કે આપની વ્યાયામશાળામાં તેને બોલાવો; તે આપને યોગ્ય અને સાચી સલાહ આપશે. વર્ષના રૂ. ૨-૮-૦ ના બદલામાં, વર્ષ આખરે દાક્તરનાં બીલ માટે, ખર્ચાતી મોટી રકમનો તે બચાવ કરશે.

ગમે તે માસથી તેના ગ્રાહક થઇ શકાય છે.

લખોઃ– વ્યવસ્થાપકઃ વ્યાયામ કાર્યાલય,
મજમુદારનો વાડો, રાવપુરા, વડોદરા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એલેમ્બિક દ્રાક્ષાસવ

તંદુરસ્તી, તાકાત, તાઝગી
અને જોમ વધારે છે.

મોટા બાટલા સાથે એક પ્યાલુ ભેટ આપવામાં આવે છે.

વડોદરાના સ્ટોકીસ્ટ :—ધી બરોડા એલેમ્બિક ડેપો
રાવપુરા, **વડોદરા.**

પૂર્વના પરિચય

શ્રી. ડુંગરશી ધરમશી સંપટ
સમજાવે છે.

૧ સિંગાપુરનું પતન
૨ ડચ ટાપુઓ
૩ ઓસ્ટ્રેલિઆ
૪ સાઇબીરીયા
વિગેરે

દરેકના ૨ આના

નવ પુસ્તકોનો સેટ અગાઉથી ગ્રાહક
થનારને ઘેરબેઠાં

એક રૂપિયામાં

જગતના વિધાયકો

રોચક અને હકીકતથી ભરપૂર
જીવન ચરિત્રો

૧ એડોલ્ફ હિટલર
૨ જોસેફ સ્ટેલિન
૩ માર્શલ ચાંગ-કાઇ-શેક
૪ વિન્સ્ટન ચર્ચિલ
૫ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ

દરેકના ૪ આના

આખાયે સેટનાં પાંચે પુસ્તકો ઘેરબેઠાં

એક રૂપિયામાં

—: લખો :—

સ્વતિક બુક ડેપો

૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨.

આ પ્રકાશનો મેસર્સ એ. એચ. વ્હીલરના દરેક રેલ્વે સ્ટોલ ઉપર મળી શકશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુજરાતે કદી ન નિહાળ્યું હોય એવું અજોડ ગ્રન્થ–સાહસ

પ્રિયદર્શી

યાને

સમ્રાટ સંપ્રતિ

જગત આજ લગી એમ માનતું આવ્યું છે કે પ્રિયદર્શી એ અશોકનું ઉપનામ છે ને શિલાઓ તથા સ્થંભો પર કોતરાયલી વિશ્વવિખ્યાત ધર્મલિપિઓ તેની છે.

પણ આ ગ્રન્થ વાંચીને તમે એકે અવાજે કબૂલશો કે અશોક તો પ્રિયદસિની પૂર્વે થઇ ગયો છે ને શિલાલેખોનો કોતરાવનાર નૃપતિ સમ્રાટ સંપ્રતિ છે.

આ ગ્રન્થમાં પ્રાચીન ભારતવર્ષની ઐતિહાસિક શાસ્ત્રીય કાળગણના, પ્રિયદસિની બધી મૂળ ધર્મલિપિઓ ઉતારીને તેના અનુવાદો, તે પર જુદા જુદા વિદ્વાનોનાં મતમતાંતરો આપીને અભેદ્ય પ્રમાણો સાથે લખાયલી વિસ્તૃત નોંધો તથા પ્રિયદર્શી યાને સમ્રાટ સંપ્રતિનું વિસ્તૃત જીવનચરિત્ર સમાવેલ છે અગ્રગણ્ય ગ્રન્થોના અનેક અકાટ્ય પુરાવાઓથી આ ગ્રન્થ કેવળ ગુજરાતનું જ નહિ, પણ ભારતવર્ષનું એક અમર સંપાદન બનશે. અને મૌર્યયુગના ઇતિહાસની નવરચના કરીને વિશ્વના ઇતિહાસક્રમમાં તે જ્વલંત ક્રાન્તિ આણશે.

આ ગ્રન્થ પચીશ વર્ષના સતત પ્રયત્નનું ફળ છે

હિંદ પર આક્રમણ કરનાર અલેકઝાંડરને સેન્ડ્રેકોટસ યાને ચંડાશાકે કેવા પ્રભાવથી પાછો વાળ્યો હતો અને પ્રિયદર્શી યાને સંપ્રતિએ વિશ્વભરમાં અહિંસાનો જે પ્રકાશ પાથર્યો હતો તે વાંચીને તમે સાહસ, દેશભક્તિ અને અહિંસા–વિજયનું જોમ અનુભવશો.

ગ્રન્થના પાછલા ભાગમાં અપાયલ સમજૂતિ, સૂચિ, કોઠા વગેરે વાચકને સહેલાઇથી બધી વિગતો સમજવામાં મદદગાર થશે.

સંખ્યાબંધ ચિત્રો, ડબલ ક્રાઉન સાઇઝનાં ૫૦૦ પાનાં અને આ યુદ્ધના અંગે આવી પડેલી સખ્ત મોંઘવારી છતાં, અગાઉથી નામ નોંધાવનારને માટે કિંમત રૂ. ૫.

'પ્રાચીન ભારતવર્ષ' અને 'Ancient India'ના ગ્રાહકોને આ અદ્‌ભુત ગ્રન્થ રૂ. ૪–૦–૦ ની કિંમતે જ્યારે 'સુવાસ'ના ગ્રાહકોને તે રૂ. ૪–૮–૦ માં આપવામાં આવશે.

ભાદ્રપદ સુદ પંચમીએ
પ્રગટ થશે.

આજેજ નામ નોંધાવો—
શશિકાન્ત એન્ડ કું.
રાવપુરા; વડોદરા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુવાસ

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः॥

પુસ્તક ૫ મું] જૂન : ૧૯૪૨ [અંક ૨ જો

કવિને—

'હિમદૂત'

(મંદાક્રાન્તા)

સંધ્યા કેરા નભની સુરખી, સાથિયાઓ ઉષાના
જોઈ કુણા કર હસી રહ્યા વારિમાંહીં પૂષાના;
મીઠાં ગાનો સુણી વિહગનાં વ્યોમમાંહીં રૂપાળાં
નાચી ઊઠે તુજ ઉર તણી ઊર્મિ નાદે નિરાળા.

જોતાં નીચી જલધિ–જલનાં પ્રૌઢ–ગંભીર–શાંત,
ચૂમાયેલાં સુરભિત ફૂલો ષટ્પદોથી સુરમ્ય;
ને ઉન્માદિ અનિલ વહતો સૂંઘી શીળો, સુગંધી
હૈયા કેરું બીન તું બજવે તાનમાં એકરંગી.

ને ત્યાં પેલા પીડિત જનની ઘૂમતી હાય ઘેરી,
પીંખાયેલી તરફડી રહી યાચતી સ્હાય એવી;
તો તારાં આ બીન બજવતો બાપુ! થંભી જરા જા!
રોતાંઓને વિપદ–દલમાં કૈંક આશ્વાસવા જા!

જો તું રાચે પ્રકૃતિ–ઉરનું મસ્ત સૌંદર્ય પીતો;
તો રોઈ લે દીન–પીડિતનાં નેત્રનાં બિંદુ લૂતો!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંવત્સર પ્રવર્તક-વીરશિરોમણિ શકારિ વિક્રમાદિત્ય

ચીમનલાલ સંઘવી

[ગતાંક પૃ. ૮ થી ચાલુ]

વિક્રમ સંવત ૨૩ માં રચાયલ [1] મનાતા 'ज्योतिर्विदाभरण' નામે ગ્રન્થમાં વિક્રમાદિત્યનું ચરિત્ર, ૮૦૦ માંડલિક રાજાઓ ને નવ રત્નોથી [2] શોભતી તેની સભા, તેનું વિપુલ લશ્કરી

---

૧. આ ગ્રંથના કર્તાએ પોતાની ઓળખ કવિ કાલિદાસ તરીકે આપી છે અને એ ગ્રંથ પોતે કલિયુગ સંવત ૩૦૬૮ [वर्षैः सिन्धुरदर्शनाम्बरगुणैर्याते कलौ सम्मिते] = વિ. સં. ૨૩ (ઇ. સ. પૂર્વે ૩૪) માં રચેલ હોવાનું જણાવ્યું છે. પરંતુ તે ગ્રંથમાં શાલિવાહન-નાગાર્જુન આદિ નામ આવતાં હોઇને શ્રી એસ. કે. દીક્ષિતે તે ગ્રંથ ઇ. સ. ૪૨૮-૨૯ માં રચાયલ હોવાનું ઠેરવ્યું છે (Indian Culture Vol. VI, No. 2).

૨ धन्वन्तरि-क्षपणकाऽमरसिंह-शंकु-वेतालभट्ट-घटकर्पर-कालिदासाः ।
ख्यातो वराहमिहिरो नृपतेः सभायां रत्नानि वै वररुचिर्नव विक्रमस्य ॥

આ નવે રત્નોનો સમય પણ સ્વતંત્ર પ્રમાણોથી ઇ. સ. પૂર્વે પહેલી સદીનો પુરવાર કરી શકાય છે—

ધન્વન્તરી-सुश्रुतसंहिताના રચનાર સુશ્રુતનો ગુરુ. કુચમાંથી મળી આવેલા ત્રીજી સદીના વૈદકીય ગ્રન્થોમાં પ્રમાણો તરીકે વારંવાર सुश्रुतसंहिता નો નિર્દેશ થયેલો છે. તે જોતાં સુશ્રુતનો સમય ત્રીજી સદી કરતાં ખૂબ પૂર્વેનો ગણાય. ને ધન્વન્તરી તો તેનો પુરોગામી.

ક્ષપણક-જૈનાચાર્ય સિધ્ધસેન દિવાકર. જૈન સાહિત્યમાં, વિક્રમ સંવત્સરની સ્થાપનામાં તેમની પ્રેરણા આભારી હોવાના ઉલ્લેખો મળી આવે છે. વિક્રમની બીજી સદીમાં થયેલા દિગંબર આચાર્ય પૂજ્યપાદના વ્યાકરણમાં સિધ્ધસેનસૂરિની સાક્ષીવાળું વાક્ય મળી આવે છે તે જોતાં સિધ્ધસેનનો સમય પૂજ્યપાદની પૂર્વેનો જ ગણાય.

અમરસિંહ-अमरकोशનો કર્તા. ઉક્ત કોશમાં રહી ગયેલી કેટલીક ભૂલોને સુશ્રુતે પોતાની સંહિતામાં સુધારેલ છે. તે જોતાં અમરસિંહનો સમય સ્વાભાવિક રીતે જ સુશ્રુતની પૂર્વે ઠરે છે.

શંકુ, વેતાલભટ્ટ ને **ઘટકર્પર** નો ચોકકસ સમય ઠેરવવાનું મુશ્કેલ છે. अभिनवभारती, काव्यप्रकाश, भावप्रकाश, नाट्यदर्पण વગેરે નાટયશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના સંખ્યાબંધ પ્રાચીન ગ્રન્થોમાં શંકુને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવેલ છે. વેતાલભટ્ટ સંગીતવિદ્યાનો ગુરુ હતો. ઘટકર્પરના યમક કાવ્યની પ્રતો જેસલમેર-ભંડાર, મદ્રાસનો સરકારી ભંડાર ને ઈંડિયા ઑફીસ લાયબ્રેરીમાં છે.

કાલિદાસનો સમય ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં હોવાનું તો હવે લગભગ પુરવાર થઈ ચૂકયું છે.- ઈ. સ. ની પહેલી સદીમાં થયેલા અશ્વઘોષના बुद्ध-चरित्र પર કાલિદાસના रघुवंशની સંપૂર્ણ છાયા ઊતરેલી છે. એ જ અરસાના ભીટા-કોતરકામમાં शाकुन्तल ના કેટલાક પ્રસંગો આલેખાયા છે. ત્રીજી સદીમાં કવયિત્રી વિજ્જિકાએ રચેલા **कौमुदीमहोत्सव** નામે નાટક પર કાલિદાસની સંપૂર્ણ અસર છે એટલું જ નહિ, તે નાટકમાં કાલિદાસની અનેક પંકિતઓ નજરે ચડે છે.

વરાહમિહિર-તેણે પોતાનો पंचसिध्धांतिका ગ્રન્થ વિક્રમ સંવત પૂર્વે ૬૭ (ઇ. સ. પૂ. ૧૨૩) ના ચૈત્ર મહિનાના શુકલપક્ષમાં પોતાની યુવાનવયે રચ્યો છે; તે પછી बृहत्संहिता લખીને તે ભારતવિખ્યાત બન્યો. તેનું મૃત્યુ વિ. સં. ૧૫ માં થયેલું. (પ્રમાણો માટે જુઓ ' સુવાસ '-ફેબ્રુ. ૧૯૪૧) વિ. સં. ૨૩ માં રચાયલ મનાતા ઉપરોક્ત ज्योतिर्विदाभरण ગ્રન્થની આદિમાં પ્રમાણ તરીકે વરાહમિહિરનો નિર્દેશ થયેલો છે.

[વરાહમિહિરનો ઉપરોકત સમય, ઇ. સ. પૂર્વે ૫૪૦ માં સાયરસે શરૂ કરેલો સંવત જ પ્રાચીન શક સંવત છે એવા શ્રી સત્યકેતુ વિદ્યાલંકાર વગેરે કેટલાક વિદ્વાનોના (मौ. सा. इ.) મંતવ્યને અનુસરીને તારવાયલ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બળ [3] વગેરેના વર્ણન ઉપરાંત શાલિવાહનની પૂર્વેના સંવત્સર–પ્રવર્તક [4] તરીકે તેની ઓળખ આપવામાં આવી છે.

જ્યોતિષવિષયક પ્રાચીન ગ્રન્થ **ज्योतिर्निबन्धन**ના 'જ્યોતિષ્પ્રકાશ' નામે પ્રકરણમાં વિક્રમ સંવત્સર કલિયુગ સંવત ૩૦૪૪ (ઇ. સ. પૂ. ૫૭) માં અને શાલિવાહન શકસંવત્સર કલિયુગ સંવત ૩૧૭૯ (ઇ. સ. ૭૮) માં શરૂ થતો હોવાનો અને એ બંને સંવત્સર વચ્ચે ૧૩૫ વર્ષનું અંતર હોવાનો નિર્દેશ છે.[5]

વિ. સં. ૪૭૭ લગભગમાં રચાયલા[6] ધનેશ્વરસૂરિના '**श्री शत्रुंजयमाहात्म्यं**' માં ભગવાન મહાવીરસ્વામીના મુખે એવી ભવિષ્યવાણી ઉચ્ચરાવવામાં આવી છે કે–' અમારા નિર્વાણને ત્રણ વર્ષ ને સાડા આઠ માસ વીતતાં ધર્મવિપ્લવકારી પાંચમો આરો શરૂ થશે. તે પછી ૪૬૬ વર્ષ ને ૪૫ દિવસ વીતતાં શ્રી વિક્રમાદિત્ય નૃપતિ શ્રી સિધ્ધસેનના ઉપદેશથી પૃથ્વીને ઋણમુકત કરીને, અમારો સંવત્સર લુપ્ત કરીને, પોતાનો સંવત્સર શરૂ કરશે.'[7]

પરંતુ હૈદ્રાબાદની પૌર્વાત્ય પરિષદમાં કાલગણના વિષયક પોતાના એક નિબંધમાં શ્રી રંગરાજમે દર્શાવ્યું છે કે, 'પ્રાચીન શકસંવત ઇ. સ. પૂ. ૫૨૩/૨૨ ના અરસામાં શરૂ થયેલો છે.' તે ગણનાનુસાર વરાહમિહિરનો **पंचसिद्धांतिका** ગ્રન્થ વિ. સં. પૂ. ૫૦ (ઇ. સ. પૂર્વે ૧૦૬) માં રચાયેલો ગણાય. ને વરાહમિહિરનું મૃત્યુ વિ. સં. ૩૨ માં લેખાય.]

વરરુચિ–વરરુચિ બે થયા છે. પહેલો ઇ. સ. પૂ. ચોથી સદીમાં. તે પાણિનિનો મિત્ર ને ચાણક્યનો પ્રતિસ્પર્ધી હતો. બીજો ઈ. સ. પૂ. પહેલી સદીમાં. તે વિક્રમનો રાજગુરુ હતો. તેનું **उभयाभिसारिका** નામે શૃંગારકાવ્ય મળી આવે છે.

૩. વિક્રમાદિત્ય પાસે ત્રણ કરોડનું પાયદળ, એક કરોડનું અશ્વદળ, ચાર લાખનું નૌકાદળ ને ૨૪૩૦૦ હાથી હતા. શ્લોક, ૧૨. **ज्योतिर्विदाभरण.**

૪. युधिष्ठिरो **विक्रम**–शालिवाहनौ नराधिनाथो विजयाभिनन्दनः।
इमे नु नागार्जुनमेदिनीविभुर्बली: क्रमात् षट् शककारका: कलौ ॥

૫. नन्दात्यष्टिगुणै(३१७९)र्युक्त: शालिवाहनक: शक: ।
कलेर्गतेन हीनोऽसौ तेनांकेन शको भवेत् ॥
तथा च विक्रम: शाको वेदवेदाभ्रपावकै: (३०४४)।
बाणराममही(१३५)तुल्यमन्तरं शक्योर्मतम् ॥

૬ આ ગ્રન્થમાં પ્રશસ્તિના અંતે ઉમેરાયલા એક પ્રક્ષિપ્ત શ્લોકમાં કુમારપાળ, સમરાશાહ આદિ જૈન નરવીરોનાં નામ મળી આવે છે તે પરથી કેટલાક વિદ્વાનો તે ગ્રન્થને પાછલા સમયનો માનવા લલચાયા છે. પરંતુ ધનેશ્વરસૂરિ વિક્રમની બીજી સદી લગીના પ્રસંગોનું વર્ણન કરી અટકી ગયા છે. આ ગ્રન્થ બીજી અનેક કૃતિઓમાં પ્રમાણભૂત તરીકે લેખાયો છે અને સમરાશાહના નિર્દેશવાળો પાછળનો એક શ્લોક પ્રક્ષિપ્ત છે તે જોતાં કર્તાએ તે ગ્રન્થની નિમ્નોકત પ્રશસ્તિમાં જણાવ્યું છે તે પ્રમાણે તેમણે તે ગ્રન્થ વિક્રમસંવત ૪૭૭ માં વલભીપુરમાં રાજ્ય કરતા શિલાદિત્યની વિનંતિથી રચ્યો હોય તે ખોટું માનવાને કોઈ કારણ નથી રહેતું.—

सूरिर्भावी धनेश्वर: । वलभीपुरनायकं शिलादित्येन सूरिराट् । कारयिष्यति तीर्थेषु शांतिकं चैत्य संचयम् । सप्तसप्ततिमब्दानामतिक्रम्य चतु:शतीं । विक्रमार्काच्छिलादित्यो भविता धर्मवृद्धिकृत् ।

૭ अस्मन्निर्वाणतो वर्षैस्त्रिभि: सार्धाष्टमासकै: । धर्मविप्लावक: शक: पंचमारो भविष्यति ॥ तत: शतैश्चतुर्भि: षट्–षष्टिभिर्वत्सरैर्दिनै: । पंचचत्वारिंशतापि । **विक्रमार्को** महीमिमां । सिद्धसेनोपदेशेनानृणीकृत्य जिनोक्तवत् । अस्मत्संवत्सरं लुप्त्वा । स्वं तमाविष्करिष्यति ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છઠ્ઠી સદીમાં કવિ સુબંધુએ રચેલી वासवदत्ता કથાના પ્રારંભમાં પણ વિક્રમાદિત્યની અપ્રતિમ કીર્તિનું સ્મરણ કરવામાં આવ્યું છે.[૮]

युगप्रधानगंडिकासार નામે પ્રાચીન જૈન ગ્રન્થમાં ગર્દભિલ્લની પછી શકો અને તે પછી શકવિજેતા વિક્રમાદિત્યે અવંતિપતિ બનીને પોતાનો સંવત્સર પ્રવર્તાવેલ હોવાનો ઉલ્લેખ છે.[૯]

सिंहासनबत्रीशी અને वेतालपच्चीशीમાં પણ વિક્રમાદિત્યનું રોમાંચક જીવનચરિત્ર આલેખાયું છે. હિંદની દરેક પ્રાન્તિક ભાષાઓમાં આ બંને ગ્રન્થોના મધ્યકાલીન અને આધુનિક અનુવાદો મળી આવે છે. પરંતુ તે બંને ગ્રન્થો મૂળ રૂપમાં તો વધારે પ્રાચીન જણાય છે. તેમના કર્તાનું નામ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી પણ તે અંગે શ્રી સિદ્ધસેન દિવાકર, વરરુચિ, કાલિદાસ, રામચન્દ્ર શિવ, શિવદાસ, સોમદેવ આદિ નામો બોલાય છે.[૧૦] તે જોતાં તે બંને ગ્રન્થો પ્રાચીન હોવાનું મંતવ્ય જૂના સમયથી ચાલ્યું આવે છે.

દશમી સદી પછીના તો અનેક ગ્રન્થોમાં વિક્રમાદિત્યનું ચરિત્ર અને તેના સંવત્સર અંગેની હકીકત મળી આવે છે; પણ તે વિધાન તો શ્રી શાસ્ત્રીજીએ માન્ય રાખ્યું છે એટલે તે સમય પછીના ગ્રન્થોને બાજુએ રાખી આપણે શાસ્ત્રીજીની બીજી દલીલો તપાસીએ.

શાસ્ત્રીજી प्रबन्धचिन्तामणि માં એક સ્થળે 'અવન્તીના એક બ્રાહ્મણને ચાર વર્ણની પત્નીઓ હતી, તેમાંથી તેની ક્ષત્રિય પત્નીથી વિક્રમાદિત્યનો જન્મ થયો અને શૂદ્ર પત્નીથી ભર્તૃહરિનો' –એવો પ્રકીર્ણ નિર્દેશ આવે છે તેને આગળ ધરીને એમ મનાવવા પ્રયત્ન કરે છે કે જૈન શ્રુત પરંપરામાં પણ વિક્રમ ગર્દભિલ્લનો પુત્ર હોવા અંગે અંતર્વિરોધ છે. પણ એ અંતર્વિરોધ શાસ્ત્રીજીની કલ્પનામાંથી જ જન્મેલો જણાય છે. કેમકે ઉપરોક્ત હકીકત प्रबन्धचिन्तामणि ના પાછલા પ્રકીર્ણક પ્રબન્ધોમાં મળે છે. ત્યાં એ વિક્રમ સંવત્સર–પ્રવર્તક વિક્રમ હોવાનું કશું સૂચન નથી. ઊલટું प्रबन्धचिन्तामणि ની શરૂઆતમાં જ સંવત્સર પ્રવર્તક વિક્રમાદિત્યનું વિસ્તૃત ચરિત્ર આપવામાં આવેલું છે અને ત્યાં તેને પ્રતિષ્ઠાનપુરમાં દરિદ્રહાલતમાં રહેતા રાજપુત્ર તરીકે ઓળખાવેલ છે. બીજી બાજુએ વધારે પ્રાચીન પ્રમાણો પરથી એ પુરવાર થયેલું છે કે ગર્દભિલ્લના પતન પછી તેનો પુત્ર વિક્રમાદિત્ય પ્રતિષ્ઠાનપુર ચાલ્યો ગયો હતો. અને પ્રતિષ્ઠાનપુરના નૃપતિ શાતકર્ણીની મદદથી શકોને કારૂરના યુદ્ધમાં હરાવી તે અવંતિપતિ બન્યો હતો અને તેણે પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો હતો. એટલે प्रबन्धचिन्तामणि માં આલેખાયેલું વિક્રમ–ચરિત્ર બીજા જૈન–જૈનેતર ગ્રન્થોમાં વિક્રમ ગર્દભિલ્લનો પુત્ર હોવા અંગે જે પ્રમાણો મળે છે તેની વિરોધમાં ન જતાં ઊલટું તેનું પૂરક બને છે.[૧૧]

આપણે પાછળ જણાવી ગયા કે स्कंदपुराण, भविष्यपुराण ને अग्निपुराणમાં વિક્રમાદિત્યનો નિર્દેશ મળી આવે છે તથા मत्स्यपुराण માં ગર્દભિલ્લવંશમાં સાત રાજવીઓ થયા હોવાનો ઉલ્લેખ

[અનુસંધાન પૃ. ૫૭]

---

૮. सा रसवत्ता विहता नवका विलसन्ति चरति नो कं कः ।
सरसीव कीर्तिशेषं गतवति भुवि **विक्रमादित्ये** ॥

૯ कालंतरेण केण वि उप्पाडित्ता सगाण तं वंसं ।
होही मालवराया नामेणं विक्कमाइच्चो ॥
संवच्छरं निययं ।

૧૦ હિન્દી વિશ્વકોશ પૃ. ૨૧.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીવન ઝરણાં

પ્રભા

રોઝ નામના ઇટાલિયન કવિનાં કાવ્યોમાં એવી વિશિષ્ટ મૌલિકતા ગૂંથાયલી હતી કે પ્રજા તેની વાસ્તવિક કિંમત આંકવામાં નિષ્ફળ નીવડી ને રોઝ અણુજાણુ અને ઉત્સાહરહિત રહેવા લાગ્યો.

એક પ્રકાશકે રોઝની આ દશા નિહાળી તેનાં કેટલાંક રસકાવ્યોની નકલ તે સમયે વેનીસમાં રહેતા લોર્ડ બાયરનને અભિપ્રાયાર્થે મોકલાવી. બાયરને તે કાવ્યો વાંચીને પાછાં મોકલાવતાં નોંધમાં લખ્યું—' રોઝનાં કાવ્યોની મધુર સ્મૃતિને મારા મગજમાંથી દૂર કરવાને ખાતર હવે મારે પણુ તેની જ ઢબે કાંઇક લખવું પડશે '

ને બાયરનના એ અભિપ્રાય સાથે કાવ્યસંગ્રહ પ્રગટ થતાંજ તેની નકલો ચપોચપ ઊપડવા માંડી ને રોઝની ગણુના ઇટલીના એક મહાન કવિ તરીકે થવા લાગી.

× × +

શાલિવાહને એક પ્રસંગે પોતાના સેનાપતિને પૂછ્યું- " મથુરા પર વિજય મેળવ્યાના સમાચાર તમે મને કેટલા સમયમાં પહોંચાડી શકો ? "

" દેવ, " સેનાપતિએ પ્રાણુવાન શબ્દોમાં કહ્યું, " છ મહિનામાં. "

–પણુ પછી સેનાપતિને યાદ આવ્યું કે હિંદમાં મથુરા તો બે છે: એક ઉત્તર–મથુરા ને બીજું દક્ષિણુ–મથુરા. શાલિવાહન એમાંથી કયું મથુરા જીતવા માગે છે તેનો તો તેણે ખુલાસો કર્યો જ નથી. પરન્તુ નૃપતિને ખુલાસો પૂછવો એ વિનયભંગ ગણાય. એટલે સેનાપતિએ પોતાની સેનાના બે સરખા ભાગ પાડી નાખ્યા ને એકને ઉત્તર બાજુ અને બીજાને દક્ષિણુ બાજુ રવાના કર્યો. ને સેનાપતિએ પ્રતિષ્ઠાનમાં બેઠાં બેઠાં બંને સેનાઓને એવી ઝડપી ને કુશળતાભરી દોરવણી આપી કે છ મહિનામાં બંને મથુરા પર શાલિવાહનનો ધ્વજ ફરકવા લાગ્યો. સેનાપતિને તે સમાચાર મળતાંજ તે શાલિવાહન સમક્ષ જઇ પહોંચ્યો ને વિનયી સ્વરે કહ્યું: " દેવ, આપની આજ્ઞાનુસાર મથુરા પર વિજય મેળવાયો છે. "

" કઇ મથુરા ? " શાલિવાહને ધીમેથી પૂછ્યું.

" બંને." સેનાપતિએ શાંતિથી ઉત્તર દીધો.

" આજલગી હું એમ માનતો હતો " શાલિવાહને સેનાપતિને અભિનંદતાં કહ્યું, " કે મારા દ્વીઅર્થી પ્રશ્નોના દ્વિઅર્થી ઉત્તર મારા કવિઓ જ આપી શકે છે. પણુ આજે મારા સેનાપતિએ મને શિખવાડયું છે કે મારી દ્વિઅર્થી આજ્ઞાઓનો દ્વીઅર્થી અમલ પણુ સાધી શકાય છે. "

× × ×

ગોમ્મટેશ્વરની વિરાટકાય મૂર્તિના પ્રતિષ્ઠા–મહોત્સવ વેળાએ મૂર્તિના મસ્તકે હજારો મણુ દૂધના અભિષેકની શરૂઆત કરનાં ચામુંડમંત્રીને ગર્વ થયો કે, ' મારા જેવો મહાન ભકત વિશ્વમાં બીજો કોઇ જ નહિ હોય. '– પરન્તુ એ વિચાર સાથે જેવો તે દૂધનો અભિષેક કરવા ગયો કે દૂધ મસ્તકને સ્પર્શ્યાં પણુ વિના આજુબાજુ રેલાઇ જવા લાગ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચામુંડને દુઃખ થયું. દેવ દૂધનો સ્વીકાર નથી કરતા એ વિચારે સર્વે યાત્રાળુઓનાં મુખ વીલાં બન્યાં.

તે પ્રસંગે ત્યાંથી ગુડિકાયા નામે એક ભરવાડણ નીકળી. તે ગોમ્મટેશ્વરની પરમ ભક્ત હતી. સર્વેને ચિંતાતુર જોઇ તેણે પૂછયું, " અભિષેકના પુણ્યપ્રસંગે આમ કેમ ? "

" દેવ દૂધનો અભિષેક સ્વીકારતા નથી. "

" એમ ? "–કહી ભરવાડણે આસપાસ વેરાયલ નાળિયેરની કાચલીઓમાંથી એક ઊંચકી લીધી ને તેને પોતાના સ્તનના દૂધથી ભરીને તે પૂજારીને આપતાં તે બોલી, " લ્યો, મારૂં આટલું દૂધ ચડાવજો. "

પૂજારીએ ને યાત્રાળુએ ચામુંડની અનુમતિ લઈ કુતૂહલથી એ દૂધ મૂર્તિના મસ્તક પર રેડયું. સર્વેની અજાયબી વચ્ચે એ દૂધ મૂર્તિને સ્પર્શ્યું એટલું જ નહિ, પરંતુ મૂર્તિનું મસ્તક એ દૂધથી સફેદ સફેદ જણાવા લાગ્યું. તે પછી જે બીજું દૂધ મૂર્તિ પર અભિષેકવામાં આવ્યું. તે બધાનો મૂર્તિએ સ્વીકાર કર્યો.

ગોવાળણની આ વિરલ ભક્તિથી ચામુંડરાય પોતાનો ગર્વ વિસરી ગયો. ને ગોમ્મટેશ્વરની મૂર્તિ સમક્ષ હાથમાં કાચલી સાથે ગુડિકાયાની નાની મૂર્તિ સ્થાપીને તેણે ભરવાડણની ભક્તિને અમર બનાવી.

× × ×

પોતનપુરનો એક રથિક વનમાંથી નગર પ્રતિ જઇ રહ્યો હતો ત્યારે માર્ગમાં એક લૂટારાએ તેના પર હુમલો કર્યો. રથિક પણ વીર હતો. તે પોતાનાં આયુધ સાથે રથમાંથી બહાર કૂદી પડયો ને લૂટારાની ને તેની વચ્ચે દ્વંદ્વ યુદ્ધ જામ્યું. એ યુધ્ધમાં લૂટારો ઘવાઇને પૃથ્વી પર પટકાયો.

" વીર, " લૂટારાએ ભોંય પર પડયાં પડયાં રથિકને કહ્યું " તું ખરેખર બહાદુર છે. તને લક્ષ્મી ભોગવવાનો અધિકાર છે."–ને એમ કહીને તે લૂટારાએ પોતાની પાસે જે કંઈ હતું તે ફક્ત રથિકને સોંપી દીધું અને ઘવાયલાં અંગે પણ રથિકને પોતાની ગુફાએ દોરી જઈ તેણે તેને પોતાની બધા સંપત્તિનો વારસો સોંપ્યો.

" થોડીક પળો પહેલાં તો મને લૂટવા માગતો હતો," રથિકે વિસ્મય દર્શાવતાં પૂછયું, " હવે આટલી ઉદારતા કયાંથી આવી ગઈ ? "

" જો હું તને લૂટવામાં સફળ નીવડયો હોત " લૂટારાએ છેલ્લો શ્વાસ લેતાં કહ્યું, " તો તારી લક્ષ્મી ભોગવવાનો મને અધિકાર મળત. પણ તું મને હરાવવામાં સફળ નીવડયો છે એટલે મારી લક્ષ્મીનો સાચો માલિક તું બને છે. નારી અને પૃથ્વીની જેમ લક્ષ્મી પણ વીર પુરુષના ચરણે શોભે છે. જ્યારે તે ત્રણમાંથી એક પણ કાયર કે પરાજિત પુરુષના હાથમાં જાય છે ત્યારે તે તેમના હાથમાં ન ઠેરતાં દુષ્ટો અને પાપીઓના હાથમાં સરકી જાય છે. એટલે તેમને સુયોગ્ય વીર પુરુષોના હાથમાં રાખવાને સ્પર્ધા જરૂરી છે. તેથી હું લૂટારૂ બનેલો. પરંતુ મારા કરતાં વધારે યોગ્ય પાત્ર સાંપડતાં હું લક્ષ્મી પરનો મારો અધિકાર તને સોંપી દઉં છું. "

× × ×

જર્મનીનો મહામંત્રી પ્રીન્સ બીસ્માર્ક કુમારવયે જ્યારે ગોટેન્બર્ગ વિદ્યાપીઠની બોર્ડિંગમાં રહેતો હતો ત્યારે એક પ્રસંગે ' ડર ફ્લોહ ' નામના વર્તમાનપત્રમાં તે બોર્ડિંગ અને ત્યાં વસતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિદ્યાથી' ઓની વર્તણુક વિષે આકરી ટીકા પ્રગટ થઇ. બીસ્માર્ક તરત જ તે છાપાની નકલ હાથમાં લઇ તંત્રીની મુલાકાતે ઊપડયો ને તંત્રીના ટેબલ પર તે નકલ પછાડતાં તંત્રીને ઉકત લખાણુ માટે માફી માગવાનું કહ્યું. ને તંત્રીએ માફી ન માગતાં બીસ્માર્કે તેને દ્વંદ્વ-યુદ્ધનું આવ્હાન આપ્યું.

તે યુગમાં સુધારક ખ્રિસ્તી પ્રવૃત્તિથી જર્મનીમાં દ્વંદ્વ-યુદ્ધ સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એટલે તંત્રીએ બીસ્માર્કના ઉકત આવ્હાનના સમાચાર વિદ્યાપીઠના સંચાલકોને પહોંચાડતાં તેને તરત જ વિદ્યાપીઠના અધ્યક્ષ સમક્ષ ઊભો કરવામાં આવ્યો.

બીસ્માર્કે તે પ્રસંગે પુરુષાતનના પ્રાચીન આદર્શોને વર્ણવીને પોતાની વર્તણુકનો ભવ્ય બચાવ કર્યો ને કાયરતાપોષક નવી સુધારક પ્રવૃત્તિને ઝાડી નાંખી.

" તમે નવયુગને સમજતા નથી. " અધ્યક્ષે શાંતિથી કહ્યું. "તમારા વિચારો તો પસાર થઇ ગયેલા યુગના છે."

" નામદાર, " બીસ્માર્કે તેજસ્વી શબ્દોમાં કહ્યું, "એમ કહો કે નવયુગના નામે ઓળખાતો કાયરયુગ મારા વિચારોને સમજી શકતો નથી. મારા વિચારો ગતયુગના હોય તેથી શું ? શિયાળો જ્યારે આથમવા આવે ને નવવસંતનાં કુસુમો દેખા દે ત્યારે તમે શું એમ કહેશો કે– ' આ કુસુમો તો ગઇ વસંતના જેવાં છે. અમે તો સદાય શિશિરના પ્રેમી છીએ.'

× × ×

બીસ્માર્ક યુવાનવયે કાઉન્ટ થન નામે સૂબાની મુલાકાતે ગયેલો. સૂબાએ બીસ્માર્કને બેસવાનું ન કહ્યું, એટલું જ નહિ પણ બીસ્માર્કની હાજરી પ્રત્યે બેપરવા રહી તે ખુરશીમાં સૂતાં સૂતાં સીગાર ફૂંકવા લાગ્યો. બીસ્માર્કે તરતજ ખીસામાંથી સીગારકેસ કાઢી તેમાંથી એક સીગાર ખેંચી કાઢતાં સૂબાને ઉદ્દેશીને કહ્યું, " નામદાર જરા દીવાસળી આપશો ? "

સૂબો તો અવાચક જ થઇ ગયો. સભ્યતાને ખાતર પણ દીવાસળીની ના તો પાડી જ ન શકાય. તેથી તેણે બીસ્માર્ક તરફ દીવાસળીની પેટી ફેંકી. તેનાથી સીગાર સળગાવીને બીજી ખુરશી પર લાંબા થઈ બીસ્માર્કે પણ સીગારનો દમ લેવા માંડયો.

સૂબાએ તરત જ બીસ્માર્ક સાથે માનભેર વાતચીત શરૂ કરી.

× × ×

એક સ્વીડીશ કુમારિકા બર્લીનની મુલાકાતે ચાલી ત્યારે તેના પિતાએ બર્લીનની બોર્ડિંગમાં રહેતા પોતાના ભત્રીજા પર પત્ર લખી તેને પોતાની પુત્રીની સાથે રહી તેને બર્લીનથી પૂર્ણતઃ પરિચિત બનાવવાની ભલામણ કરી.

ઉકત ભત્રીજો તે સમયે પરીક્ષાના વાચનમાં પડયો હતો. એટલે તેણે પોતાના મિત્ર બીસ્માર્કને પોતાની ફરજ બજાવવાનું કાર્ય સોંપ્યું. બીસ્માર્કે ત્રણે દિવસ લગી તે રૂપવતી કુમારિકાની સાથે રહી તેને અકલ્પ્ય સંતોષ પમાડયો.

કુમારિકાએ વિદાય થતી વેળા પિત્રાઇનો અનહદ આભાર માનવા માંડયો ત્યારે બીસ્માર્કે કહ્યું, " કુમારી, તમારો પિત્રાઇ તો પરીક્ષાના વાચનમાં પરોવાયલ હતો. એટલે તેણે તમારી પરિચર્યાનું કામ મને ભળાવેલું. તેમાં કંઇ ખામી રહી હોય તો માફ કરશો. મારૂં નામ બીસ્માર્ક છે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી તો સમય જતાં બીસ્માર્ક જર્મનીનો ચાન્સેલર અને પ્રીન્સ બન્યો. પરંતુ ઉક્ત સ્વીડીશ યુવતીના મનમાંથી તેનું નામ નહોતું ભુંસાયું. ચાળીશ વર્ષ પછી તે પોતાના પતિ સાથે જ્યારે બર્લીનની ફરી મુલાકાતે આવી ત્યારે તેણે ચાન્સેલરના મહેલે જઇ પોતાનું નામ મોકલાવ્યું. બીસ્માર્કે તેનું સ્નેહભર્યું સ્વાગત કર્યું.

"દેવી," બીસ્માર્કે ખેદમય સ્મિતપૂર્વક કહ્યું, "માનવજિંદગી કેટલી વિચિત્ર છે? તમારી સાથે મેં જે ત્રણ દિવસ ગાળ્યા તેમાં મને સાક્ષાત્ સ્વર્ગનો જ અનુભવ થયેલો ને મારામાં કવિતાની ઊર્મિઓ પ્રગટી નીકળવાથી મેં કેટલાંક કાવ્યો પણ રચેલાં. પરંતુ પછી હું કવિતાને વિસરી જઇ શુષ્ક રાજનીતિમાં પડયો. અને આજે જર્મનીનો ચાન્સેલર છતાં મધુર સુખના આસ્વાદ માટે તો મારે તે ત્રણ દિવસની સ્મૃતિને જ જગવવી પડે છે."

× × ×

પ્રીન્સ બીસ્માર્કને નાનપણમાં હિંદમાં બ્રિટિશ ધ્વજ નીચે લશ્કરી નોકરીમાં જોડાઇને પ્રીન્સ વાલ્ડામારની જેમ કીર્તિ કમાવાની ઇચ્છા થયેલી. પણ બીજી જ પળે તેને વિચાર થયો—'હિંદીઓએ મારૂં શું બગાડયું છે?'—ને તેણે ઉક્ત ઇચ્છાને દબાવી દીધી. કુદરતે તેને જર્મનીનો મહામંત્રી ને પ્રીન્સ બનાવીને એ દાબનો બદલો આપ્યો.

× × ×

અલંકાર સજવાની તૈયારી કરતાં મુમતાઝબેગમે દાસી પાસે પોતાનું કિંમતી દર્પણ મંગાવ્યું પણ દર્પણ લઇ આવતાં અકસ્માત દાસીના હાથમાંથી તે સરકી ગયું ને આરસની ભોંય સાથે અથડાવાથી તેના કકડા થઇ ગયા. દાસી મુમતાઝબેગમની સમીપ જતાં આસુંભરી આંખે બોલી—

'બેગમસાહિબા, અકસ્માતથી દર્પણ મારા હાથે તૂટી ગયું છે.
[અજ કજા આઇનએ ચીની શિકસ્ત !]'
ત્યારે શાહજહાંની પ્રિયતમાએ સ્મિતભર્યા વદને ઉત્તર દીધો—
'સારૂં થયું, કે (સૌન્દર્યનું પ્રતિબિંબ નિહાળીને) ગર્વ અનુભવવાનું સાધન ટળ્યું.
[ખૂબ શુદ ! કે અસ્બાબે ખુદ બીની શિકસ્ત !]'

× × ×

ઇંગ્લાંડનો નૃપતિ ચાર્લ્સ બીજો હજામત કરાવવાને બેઠો હતો ત્યારે અચાનક હજામભાઇએ કહ્યું, "સાહેબ તમારા બધા પ્રધાનો કરતાં પણ વધારે વિશ્વાસ તો તમને મારામાં હોવો જોઇએ."

"કેમ વારૂ?" નૃપતિએ ચમકીને પૂછ્યું.

"તમારા પ્રધાનો તમને મારવા માગે તો તેમને અનેક કાવત્રાં કરવા પડે," હજામે પોતાનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું, "જ્યારે મારી એવી ઇચ્છા થાય તો હું તો તે એક સેકન્ડમાં જ તે પાર પાડી શકું."

"તારી કલ્પનાશક્તિ તો ખૂબ જ ઊંચે ઊડી શકે છે," નૃપતિએ હસીને કહ્યું, "પણ તેની પાંખો દ્રોહની બનેલી છે. મારા પ્રધાનોને જ્યારે એવી પાંખો આવવા માંડે છે ત્યારે હું તેમને કશી ભેટ આપ્યા વિના જ વિદાય કરી દઉં છું. પણ તારૂં સ્થાન તને એમના કરતાં ઘણું જ ઊંચું લાગે છે એટલે તને આ દશ રૂપિયાની ભેટ સાથે વિદાય આપું છું."— એમ કહીને નૃપતિએ ચમકેલા હજામભાઇના હાથમાં રૂપિયા દશ મૂકી દીધા.

——:૦:——

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભારતની નાટ્યકલા

કિશોર કોઠારી

લોકોના સુખદુ:ખયુકત સ્વભાવને અંગાદિના અભિનયો વડે પરિપૂર્ણ–ઉલ્લસિત બનાવવો તેનું નામ નાટક: વેદ તથા ઈતિહાસના જનસમુદાયનું ચરિત્ર તેમજ તેના અર્થની ખરી કલ્પના કરનારૂં, લોકોમાં વિનોદનું એકમાત્ર સાધન તેનું નામ તે નાટક.

ભરતમુનિ

ભારતવર્ષની નાટ્યકલા વેદ અને પુરાણ જેટલી પ્રાચીન છે. યુરોપની નાટ્યકલા તો હજુ ગઈ કાલે વિકાસ પામેલી, પરન્તુ ભરતખંડમાં તો તે કલા છેક વેદયુગમાં પૂર્ણ રીતે ઉદય પામેલી. આથી પુરાતન ભારતનું નાટ્યસાહિત્ય વિશ્વમાં અગ્રસ્થાન ભોગવે છે. ભારતના બલ્કે સમગ્ર વિશ્વના આદિ નાટ્યાચાર્ય ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર' જેવો અભિનયકલા, સંગીતકલા, અને નૃત્યકલાનો અદ્વિતીય ગ્રન્થ રચીને વિશ્વના નાટ્ય–સાહિત્યમાં પોતાનું નામ અમર કર્યું છે.

ભારતમાં છેલ્લાં અઢી હજાર વર્ષમાં નાટ્યસાહિત્યને લગતા અનેક સુન્દર સંસ્કૃત નાટ્યગ્રન્થો રચાયા છે. પરન્તુ તેમાં 'ભરત નાટ્યશાસ્ત્ર'ની તોલે આવે એવો સુન્દર ગ્રન્થ ભાગ્યે જ બીજો કોઈ હશે. કવિકુલગુરુ કાલિદાસરચિત 'શાકુન્તલ' જેવું સર્વશ્રેષ્ઠ સુન્દર નાટક પણ ભારત સિવાય જગતભરમાં અન્ય કોઈ દેશ પાસે નથી.

ભરતમુનિએ જે નાટ્યશાસ્ત્રની રચના કરી હતી, તે નાટ્યશાસ્ત્ર ઈસ્વીસન પછી તરત જ વ્યવસ્થિત રીતે રચવામાં આવેલો. ભરતમુનિએ 'નાટ્યગ્રન્થ' અને 'નાટ્યવેદ' એવા બીજા (?) બે ગ્રન્થો પણ રચેલા. એ બન્ને ગ્રન્થો ઇસ્વીસનના ચોથા શતકમાં ફરીવાર નવેસરથી લખાયેલા. જેમાંના છેલ્લા બે ગ્રન્થો ત્રિવેન્દ્રમના મહારાજાના રાજમંદિરના ખાસ પુસ્તકાલયને અત્યારે શોભાવી રહ્યા છે. આ ઉપરાંત ઇસ્વીસન પછી લખાયેલા અનેક સુન્દર સંસ્કૃત નાટ્યગ્રન્થો 'નાટ્ય રત્નકોષ', 'નાટ્ય ચન્દ્રિકા,' 'નાટ્ય લોચન,' 'રસાર્ણવ સુધાકર' વગેરે ભારતવર્ષની અનેક પ્રસિદ્ધ સોસાયટીઓ હસ્તક મોજૂદ છે.

ભારતવર્ષમાં નાટ્યકલાની કેવી રીતે ઉત્પત્તિ થઇ તે વિશે રસમય હકીકતો ભારતના પ્રાચીન નાટ્યગ્રન્થોમાંથી મળી આવે છે. બ્રહ્માની આજ્ઞાથી ભરતમુનિએ 'લક્ષ્મી સ્વયંવર' નામનું ત્રિઅંકી નાટક રચીને સૌથી પ્રથમ ઇન્દ્રાદિ દેવો સમક્ષ ભજવી બતાવ્યું હતું. ત્યારબાદ એ નાટકકલાનો સંપૂર્ણ લાભ દરેક માનવીને મળે, એ આશયથી નહુષ નામક એક નાટ્યરસિક રાજવીએ ઇન્દ્રદેવની પરવાનગી મેળવીને ભરત નાટ્યકલાને સમગ્ર ભારતવર્ષમાં પ્રચલિત કરી ઋષિ–મુનિઓ સમક્ષ કેટલાક નાટ્યપ્રયોગો ભજવી બતાવ્યા. આ રીતે સૌથી પ્રથમ ભારતમાં નાટ્યકલા જન્મ પામી અને ઉત્તરોત્તર તેનો વિકાસ થતો ગયો.

ચાર વર્ણને અનુકૂળ થઇ પડે એવાં નાટકો માટે ચાર વેદોમાંથી જુદા જુદા રસ ગ્રહણ કરીને ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર' જેવા અમૂલ્ય ગ્રન્થની રચના કરી. 'નાટ્યશાસ્ત્ર'ની રચના કરતાં ભરતમુનિએ ઋગ્વેદમાંથી 'પાઠ્ય', સામવેદમાંથી 'સંગીત', યજુર્વેદમાંથી 'અભિનય' અને અથર્વવેદમાંથી 'રસ તથા ગુણ'નો સાર ખેંચીને જે 'નાટ્યશાસ્ત્ર' રચ્યું, તેને પાછળથી 'પાંચમા વેદ'ની ઉપમા મળી.

પાંડવ–કૌરવના યુગમાં તો નાટ્યકલા પૂર્ણ રીતે વિકાસ પામેલી. એ સમયે ભારતના આર્ય રાજવીઓ, રાજકુમારો, કુમારિકાઓ તથા અન્ય પ્રજાજનો નાટ્યકલાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉત્તેજન આપીને તેમાં સંપૂર્ણ રસ ધરાવતાં. શ્રી. કૃષ્ણચન્દ્રના ગદકુમાર, પ્રદ્યુમ્નકુમાર તથા સામ્બકુમાર ઇત્યાદિ કલાપ્રેમી પુત્રોએ વજ્રપૂર નગરના વજ્રનાભ રાજવી સમક્ષ કેટલીક યાદવયુવતીઓ સાથે 'કૌબેરરંભાભિસાર' નામક એક સુન્દર નાટક ભજવી બતાવ્યું હતું. એ નાટકમાં ગદકુમારે પરિપાર્શ્વકની ભૂમિકા, સામ્બકુમારે વિદુષકની ભૂમિકા તથા પ્રદ્યુમ્નકુમારે સૂત્રધારની ભૂમિકા ભજવીને પ્રેક્ષકોનાં મનરંજન કર્યાં હતાં. આ સંબંધી 'હરિવંશ' નામક એક પ્રાચીન નાટ્યગ્રન્થમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવેલું છે.

ભારતના પ્રાચીન રાજવીઓ નાટ્યકલામાં રસ ધરાવતા, એટલું જ નહીં પરન્તુ તેઓ સંગીતકલાની પણ ઉપાસના કરતા. રાજવંશી કુમારિકાઓને વિદ્યાભ્યાસની સાથે સંગીત તેમજ અભિનયની પણ તાલીમ આપવામાં આવતી. પ્રજાજનો માટે પણ ખાસ સંગીત–વર્ગો ઉઘાડવામાં આવ્યા હતા. દીપોત્સવીના શુભ દિવસોમાં તથા અન્ય ઉત્સવોમાં પ્રજાજનો નાટક–મંડળી દ્વારા અનેક નાટ્યપ્રયોગો કરતા. રાજકુમારો તથા કુમારિકાઓ પણ નટ–નટીઓનો સ્વાંગ સજીને રાજમન્દિરની રંગભૂમિમાં અનેક નાટકો ભજવતાં. નાટ્યાચાર્ય કાલિદાસે 'માલવિકાગ્નિમિત્ર' નામક નાટકના પ્રથમાંકમાં જ ગણદાસ અને બકુલાવલિકા વચ્ચેના સંવાદોમાં એ વિષય ઉપર સુન્દર વર્ણન કરેલું છે.

બૌદ્ધ શાસ્ત્રોમાં નાટ્યકલાને પૂરતું સ્થાન નથી અપાયું. પરંતુ ઇસ્વીસન પછી નિર્માણ પામેલી બૌદ્ધ શિલ્પકલા સંપૂર્ણ નાટ્યકલાને અનુસરી છે. વિશ્વવિખ્યાત અજન્ટા–ઇલોરાદિ પુરાણી ગુફાઓમાંનાં કેટલાંક સુંદર ભીંતચિત્રો બે હજાર વર્ષ પહેલાં ભારતમાં નાટ્યકલા–અભિનયકલા અને નૃત્યકલા કેવું સુન્દર સ્વરૂપ પામ્યાં હતાં, તે પર પ્રકાશ પાડે છે. બુદ્ધદેવ પાસે અજાતશત્રુનો પ્રસંગ, બુદ્ધ જાતકોના વિવિધ પ્રસંગો, બૌદ્ધ રાજવીઓ અને બૌધ્ધ ભિક્ષુકોના મિલાપના અનેક પ્રસંગો–આ બધાં દૃષ્યો ભારતની નાટ્ય લામાંથી જ જન્મ પામ્યાં છે. જે શિલ્પશાસ્ત્રી તથા ચિત્રકારોએ એ પ્રસંગો ગુફાઓની ભીંતમાં કોરી કાઢ્યાં છે, તે ખરેખર અભિનયકલાના ઉત્તમ પ્રાચીન નમૂના સમાન છે.

બુધ્ધદેવની મુક્તિ પછી ઇસ્વીસનની શરૂઆત સુધીનાં પાંચસો વર્ષના ગાળામાં પણ ભારતમાં, નાટ્યકલા અનેક રૂપે જીવંત હતી. એ સમયે ભારતના રાજવીઓ પોતાના રાજમહેલમાં એક રંગભૂમિની ખાસ ગોઠવણ કરતા, એટલું જ નહીં પરંતુ પાટનગરમાં પણ જાહેર નાટ્યગૃહો બંધાવીને ત્યાં નાટક તેમજ નૃત્યના વિવિધ પ્રયોગો ગોઠવવામાં મદદગાર થતા. મૌર્યસમ્રાટ ચન્દ્રગુપ્તના સમયમાં પાટલીપુત્રમાં વિષ્ણુગુપ્ત, વાત્સ્યાયન અથવા ચાણક્ય [ઇ. સ. પૂર્વે ૪૦૦] થઇ ગયા. તેમણે ભારતની નૃત્યકલા વિશે 'વાત્સ્યાયનસૂત્ર' નામક પોતાના એક ગ્રન્થના 'સામ્પ્રયોગિક' પ્રકરણમાં વિસ્તારથી વર્ણન કરતાં લખેલું છે કે, 'નાટક–મંડળીના સભાસદોએ સૌથી પ્રથમ રંગભૂમિમાં નૃત્યાદિ કલારસિક સ્થાનિક સ્ત્રી–પુરુષોનો, ને ત્યારબાદ નૃત્યના પ્રયોગો બતાવવા આવેલી બહારગામની નાટ્યમંડળીઓના નાટ્ય તેમજ નૃત્યના પ્રયોગો યથાર્થ રીતે કરાવી તેમનો સ્થાનિક રાજવી તેમજ પ્રજાજનો સમક્ષ જાહેરમાં સત્કાર કરવો.'

ચાણક્યથી મહાકવિ કાલિદાસના સમય સુધીની ભારતની નાટ્યકલાએ તો વિશ્વમાં પ્રભુત્વ મેળવેલું. ઇ. સ. પૂર્વે બીજી સદી (?) માં દક્ષિણભારતમાં મહારાજા શુદ્રક એક પ્રખર નાટ્યકાર થઇ ગયા. ચારૂદત્ત નામના એક બ્રાહ્મણ વ્યાપારી અને વસન્તસેના નામની એક નર્તકી વચ્ચેના પ્રેમપ્રસંગોને ગૂંથી લઇ 'મૃચ્છકટિક' નામનું એક સુન્દર સંસ્કૃત નાટક તેમણે રચેલું. એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાટક આજે પણ ભારતના નાટ્યસાહિત્યમાં 'વસન્તસેના'ના નામથી અમરપટો ભોગવે છે, એટલુંજ નહીં પરન્તુ મહારાજા શુદ્રકરચિત એ 'મૃચ્છકટિકમ્' નાટકનાં અંગ્રેજી, ફ્રેન્ચ અને જર્મન ભાષાઓમાં ભાષાન્તર પણ થઇ ચૂકેલાં છે. ભારતવર્ષની પ્રાચીન નાટ્યકલા માટે એ ગૌરવની વાત છે કે, વર્ષો પૂર્વે લન્ડન, પેરીસ અને બર્લીનની યુરોપીય રંગભૂમિ ઉપર પણ 'મૃચ્છકટિકમ્' નાટક ભજવાઈ ગયેલું. ભારતમાં, તો એ નાટકનાં અનેક ભાષાઓમાં ભાષાન્તર થયાં છે અને એ નાટક ભારતની રંગભૂમિ ઉપર અદ્યાપિપર્યન્ત ભજવવામાં આવે છે.

નાટ્યકાર શુદ્રક પછી તરત જ ભારતમાં 'રામિલ–સોમિલ' નામધારી બે નાટ્યકારો થઇ ગયા. એ બન્ને નાટ્યકારો સંયુક્ત નામથીજ નાટકો રચતા. નાટકોના સંવાદોમાં સૂત્રો અને રૂપકોની પ્રથામાં રામિલ–સોમિલ નવીનતાનો ઓપ આપી ગયેલા.

ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં ઉત્તરભારતમાં ભાસ કવિ થઇ ગયા. તેમણે અનેક નાટકો રચેલાં. પરંતુ તે પછી તેના વિશે કહેવાય છે કે, નાટકો બરાબર રીતે રચાયાં છે કે નહીં તેની આકરી કસોટી–પરીક્ષા કરવા માટે ભાસ કવિએ પંદરથી વીસ નાટકોને અગ્નિમાં હોમી દીધાં. આથી બધાં નાટકો અગ્નિમાં બળીને ખાખ થઇ ગયાં. પરંતુ તે બધાં નાટકોમાં 'સ્વપ્નવાસવદત્તા' અને 'પ્રતિમા' નામનાં નાટકો સુંદર રીતે રચાયેલાં હોવાથી અગ્નિમાં બળ્યાં નહીં. આથી ભાસ કવિનાં એ બંને નાટકો ભારતીય નાટ્યસાહિત્યમાં અમર બન્યાં છે. મહાકવિ કાલિદાસ પણ 'માલવિકાગ્નિમિત્ર'ના પ્રવેશકમાં ભાસની અખંડ કીર્તિનો નિર્દેશ કરે છે. ભાસનાં ઉપરોક્ત બંને નાટકો ઉપરાંત આજે 'અભિષેક', 'મધ્યમ વ્યાયોગ,' 'દૂતઘટોત્કચ,' 'પ્રતિમા યોગંધરાયણ,' 'બાલચરિત' વગેરે સંખ્યાબંધ નાટકો મળી આવે છે.

વિક્રમની પહેલી સદીમાં કવિકુલગુરુ કાલિદાસનાં નાટકો અગ્રસ્થાને આવે છે. વિક્રમના રાજકવિ તરીકે જગમશહૂર બનેલા એ મહાકવિએ 'રઘુવંશ,' 'કુમારસંભવ' ને 'મેઘદૂત' સમાં અપ્રતિમ કાવ્યો ઉપરાંત 'માલવિકાગ્નિમિત્ર,' વિક્રમોર્વશીય' અને 'અભિજ્ઞાન શકુન્તલમ્' એ ત્રણ અમર નાટકો રચેલાં છે. આજે એ નાટકો રચાયાંને બે હજાર વર્ષ વીતી ગયાં હોવા છતાં 'શાકુન્તલ' નાટક ઉપર જગતની પ્રજાઓ મુગ્ધ બનેલી છે. યુરોપનો મહાન કવિ ગેટે તો તેને મસ્તકે મૂકીને નાચ્યો હતો. કાલિદાસના સમયમાં ભારતમાં નાટ્યકલાએ કેવો વિકાસ સાધ્યો હતો તે તેનાં નાટકો ઉપરથી સ્હેજે જણાઇ આવે છે. હજુ હમણાં જ 'વિક્રમોર્વશીય' નાટકનું અંગ્રેજીમાં ભાષાન્તર થયું છે. ગઇ સદીમાં અંગ્રેજ સાહિત્યકાર સર વિલિયમ જોન્સે 'શાકુન્તલ' નાટકનું, તથા પ્રો. વિલ્સને 'મેઘદૂત' જેવા અમર કાવ્યગ્રન્થનું અંગ્રેજી ભાષામાં ભાષાન્તર કરીને પ્રાચીન ભારતની નાટ્યકલા, તેની શૈલી અને રચનાનો યુરોપમાં પ્રચાર કર્યો હતો.

નામાંકિત નાટ્યકાર કાલિદાસ પછી ઇસ્વીસન એકથી અગિયારમી સદી સુધીમાં અનેક મહાન નાટ્યકારો ભારતમાં થયા છે. તેમાં હર્ષદેવ, વિશાખદત્ત, ભવભૂતિ, નારાયણ ભટ્ટ, મુરારિ, રાજશેખર, ભીમટ, ક્ષેમેશ્વર અને જયદેવનાં નામો મુખ્ય છે. જેમની અનેક નાટ્યકૃતિઓ આજે ભારતીય નાટ્યસાહિત્યમાં અગ્રસ્થાન ભોગવે છે. ઇસ્વીસનના ત્રીજા શતકમાં 'ચન્દ્રક' નામધારી એક નાટ્યકાર કાશ્મીરમાં થઇ ગયો. એ નાટ્યકારે અનેક સુન્દર સંસ્કૃત નાટકો રચેલાં, પરન્તુ તેમાંનું આજે એક પણ નાટક ઉપલબ્ધ નથી.

કનોજના મહારાજા શ્રી હર્ષદેવ કલારસિક તેમજ નાટ્યપ્રેમી હતા. હર્ષદેવે પણ ત્રણ નાટકો રચેલાં. એ નાટકો કનોજમાં અનેકવાર ભજવાઇ પણ ગયેલાં. શ્રી હર્ષદેવ રચિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'રત્નાવલી,' 'પ્રિયદર્શિકા,' અને નાગાનન્દ' જેવા ત્રણ સુન્દર નાટ્ય–ગ્રન્થો ભારતમાં ભારે પ્રસિદ્ધિ પામેલા જૂના નાટ્યગ્રન્થો છે.

ઇસ્વીસનની સાતમી સદીના ભારતના નાટ્યસાહિત્યમાં ઉચ્ચ શ્રેણીના નાટ્યકાર તથા કવિ તરીકે ભવભૂતિનું નામ સર્વત્ર પ્રસિધ્ધ છે. કનોજના મહારાજા યશોવર્માનો તે રાજકવિ હતો. ભલભલા પાષાણ હૃદયના માનવીઓને પણ રડાવી નાખે એવાં કરુણરસભર્યાં નાટકો ભવભૂતિએ રચ્યાં છે, જેમાં 'ઉત્તર રામચરિત,' 'માલતી માધવ,' અને 'હનુમાન' જેવી કરુણરસભરી નાટ્યકૃતિઓ મુખ્ય છે. ભવભૂતિનાં નાટકો પત્થરને પણ રુદન કરાવે તેવાં છે.

'મુદ્રારાક્ષસ' જેવી સર્વશ્રેષ્ઠ નાટ્યકૃતિનો કર્તા વિશાખદત્ત ઇશુની આઠમી સદીમાં કનોજપતિ અવન્તીવર્મનના સમયમાં કનોજમાં થઇ ગયો. મૌર્યસમ્રાટ ચન્દ્રગુપ્ત તથા ચાણકયે નન્દોને કેવી કુનેહથી મહાત્ કર્યા, તેનું રસમય વર્ણન આલેખતું 'મુદ્રારાક્ષસ' નામનું સુન્દર સંસ્કૃત નાટક નાટ્યકાર વિશાખદત્તે કનોજપતિ અવન્તીવર્મનના આશ્રય હેઠળ રહીને કનોજમાં રચેલું. તે ઉપરાંત, 'નાટ્યદર્પણ' માં જળવાઇ રહેલાં અવતરણો પરથી જણાય છે કે વિશાખદત્તે 'દેવીચન્દ્રગુપ્ત' નામે બીજું રોમાંચક નાટક પણ લખ્યું હતું.

ગૂર્જરનરેશ કર્ણદેવ તથા સિદ્ધરાજના સમયમાં પણ નાટ્યકલા જીવંત હતી. કાશ્મીરનો પ્રસિદ્ધ કવિરાજ બિલ્હણ કોઇ કામ પ્રસંગે ગૂર્જરનરેશ કર્ણદેવના સમયમાં ઇ. સ. ૧૦૮૨માં ગુજરાતના પ્રવાસે આવેલો, ત્યારે કર્ણદેવ તથા મિનળદેવી વચ્ચે કેવી રીતે અને કેવા સંયોગોમાં પ્રેમ ઉત્પન્ન થયો–એ અદ્ભુત પ્રેમ પ્રસંગોને ગૂંથી લઇને તેણે 'કર્ણસુન્દરી' નામક એક સુન્દર સંસ્કૃત નાટિકા રચેલી. મહાઅમાત્ય સંપત્કરની સૂચનાથી એ નાટિકા અણહિલપુરમાં આદિનાથની યાત્રાના મહોત્સવમાં અનેક નટ નટીઓ દ્વારા ભજવાયેલી.

બારમી સદીમાં શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યના શિષ્ય રામચન્દ્રની 'નલવિલાસ' આદિ નાટ્યકૃતિઓ ધ્યાન ખેંચે છે. એ સદીના અંત ભાગમાં ગૂર્જરભૂમિમાં કવિ પ્રહ્લાદનદેવ નામનો યશસ્વી કવિ તથા નાટ્યકાર થઇ ગયો. તે આબૂપતિ ધારાવર્ષદેવનો ભાઈ થતો ને અણહિલપુરમાં સામંતપદે વિરાજતો હતો. પ્રહ્લાદને 'પાર્થપરાક્રમ વ્યાયોગ' નામક સુંદર નાટક લખેલું.

તેરમી સદીમાં યશપાલમંત્રીનું 'મોહરાજ પરાજય' નાટક ધ્યાન ખેંચે છે. તે પછી મુસ્લિમ આક્રમણોથી ભારતમાં ચારે બાજુ પ્રગટી નીકળેલી અશાંતિએ છેક વેદકાળમાં ઉદય પામેલી ભારતીય નાટ્યકલાને પણ છિન્નભિન્ન કરી નાંખી છે.

આવરણ

ભારદ્વાજ

: પૃથ્વી :

થવા પ્રગટ તું ચહે : મનથી દર્શ હું ઝંખતો
તવાકૃતિ તણું પ્રિયે !–પણ સુયોગ કાં આપણો
થઈ નવ શકે જ : આવરણ કોણ આચ્છાદતું ?

——:*:——

ફોટો પડાવ્યો

ઈ. ન.

વાઙ્મય–પરિષદમાંથી પાછા ફર્યા પછી સુરેશ પરીક્ષાની ધમાલમાં પડી ગયો.

સુરેશ પાસેથી પ્રેરણા પામેલ છોટુએ પરીક્ષામાં પોતાનું પાણી બતાવી દીધું. તોફાની છોટુએ પહેલો નંબર મેળવ્યો.

"શું છે આ છોટુનું ?" છોટુને પહેલો નંબર આવેલ જાણી નગીનદાસે તેના વર્ગ શિક્ષકને પૂછ્યું.

"હા, સાહેબ ! તેણે ન માની શકાય તેવું કરી બતાવ્યું છે." શિક્ષકે કહ્યું.

"કંઇ ભૂલ તો નથી થઇને ?" હેડમાસ્તરે પૂછ્યું.

"મને પણ ભૂલ થઈ હોય એમ જ લાગતું હતું, એટલે મેં તેના માર્કસની ગણત્રી ત્રણ વખત કરી જોઇ."

"પેલા થોકડામાંથી છોટુના ઉત્તરપત્રો કાઢી લો તો !" હેડમાસ્તરે શિક્ષકને થોકડો દેખાડતાં કહ્યું.

શિક્ષકે છોટુનાં ઉત્તરપત્રો હેડમાસ્તરને શોધી આપ્યા.

"છોટુને આટલું સુંદર લખતાં કયારથી આવડયું ?" નગીનદાસે છોટુનું લખાણ વાંચતાં સાશ્ચર્ય પૂછ્યું, "ચોરી તો નહીં કરી હોય ને ?"

"જી, હમણા એ વર્ગમાં પણ ઊંચે નંબરે રહે છે." શિક્ષકે કહ્યું.

"તોફાનો ઘટયાં છે ?"–"ના. જી ! વધ્યાં છે."

"તોફાન ને અભ્યાસ બંનેમાં એક સાથે તે કેમ આગળ વધી શકયો ?"

"હમણાં સુરેશભાઇ સાથે ખૂબ ભળે છે."

"એમ કે ?" હેડમાસ્તરે કહ્યું, "સુરેશ જબરો છે."

"સુરેશભાઇ નિમાયા પછી વિદ્યાર્થીઓ તેમના સિવાય બીજા કોઇ શિક્ષકને ગણકારતા નથી." શિક્ષક સુરેશની પ્રતિભાનો દ્વેષી હતો. છોટુને ખાનગી ભણાવી માસિક પચીસ રૂપિયા રળી લેવાની તેની નેમને સુરેશે ધૂળમાં મેળવી હતી.

છોટુ પહેલો નંબર મળવાથી ઘણો ખુશી થયો હતો. સુરેશે તેનામાં જે રસ લીધો હતો તેનું જ આ પરિણામ હતું. સુરેશનો કઈ રીતે આભાર માનવો તેના વિચારમાં છોટુ પડી ગયો.

"કાકા, હું પાસ થયો." છોટુએ ઘેર આવી કહ્યું. પિતાને તે કાકા કહેતો.

"સારૂં થયું. કયા ધોરણમાં પહોંચ્યો ?" કાકાએ પૂછ્યું. હજારો ને લાખોના વ્યાપારી સોદાની ઝીણીઝીણી વિગતો મોઢે રાખી શકતા શેઠને દીકરો શું ભણે છે તે યાદ ન હતું.

"હું મેટ્રિકમાં આવ્યો."—"અહો ! એટલું બધું ભણી ગયો ?"

"હા–જી, વધારામાં હું પહેલે નંબરે પાસ થયો છું."

"પે'લે નંબરે તું ?"

"એ બધો પ્રતાપ મારા માસ્તર સુરેશભાઇનો છે." છોટુએ કહ્યું.

"બહુ સારૂ ! તો એમને કંઇક બોણી આપજે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" શું આપું ? "–" પાંચ-પચીસ જે દેવા હોય તે દેજે ને ! "

" એ ઓણી લેવાની ના પાડે તો ? " છોટુએ પૂછ્યું.

" જારે ગાંડા ! પૈસા લેવાની કોઇ ના પાડે જ નહીં. " શેઠની એ જીવન-ફિલસૂફી હતી. પૈસો દેખી કોઇપણ ચળ્યા વિના રહે જ નહીં, એવી તેમની માન્યતા હતી. કોઇની કિમત ઓછી વધુ હોય એ ખરૂં. માસ્તર-પંતુજીની કિમત શું ?

પિતાની સાથે વધારે દલીલ કરવાની છોટુને જરૂર ન લાગી. મુનીમ પાસેથી પચીસ રૂપિયા લઈ તે સુરેશને ઘેર પહોંચ્યો.

" ઉપમા, છોટુભાઇ આવ્યા છે. " સુરેશે છોટુને જોઇને કહ્યું.

" છોટુભાઇએ નાસ્તો કરાવી દેવો પડશે. " ઉપમાએ બહાર આવી કહ્યું.

" શેનો ? " છોટુએ હસતાં હસતાં પૂછ્યું.

" પહેલે નંબર પાસ થયા તેનો. "

" એને માટે તો તમારે મને જમાડવો પડે. " છોટુએ કહ્યું.

" તો એમ ! " ઉપમાએ કહ્યું, " ચાલો જમવા. "

" શું બનાવ્યું છે ? " છોટુએ પૂછ્યું.–" કંસાર. " ઉપમાએ કહ્યું.

" તો આપણે જમવા તૈયાર છીએ, પણ તમારે ય મારી એક અરજ સ્વીકારવી પડશે. "

" તમારે વળી શી અરજ કરવાની છે ? " સુરેશે પૂછ્યું.

" હા પાડો તો કહું. "

" તમને હું નાખુશ કરી શકતો નથી. "

છોટુએ ઊભા થઇ ઉપમાના પગમાં પચીસ રૂપિયા મૂકી દીધા.

" આ શું ? " ઉપમાએ પૂછ્યું.–" ગુરુદક્ષિણા. " છોટુએ કહ્યું.

" ગાંડા ન થાઓ. હું એ રૂપિયા નહિ લઉં. " સુરેશે કહ્યું.

" બહુ સારૂં ! હું તમારે ત્યાં કોઇ દિવસ નહીં આવું. " છોટુએ કહ્યું.

" અત્યારે તો જમશો ને ? " ઉપમાએ હસતાં હસતાં પૂછ્યું.

" ના–જી ! મારો અસહકાર અત્યારથી જ શરૂ. "

" છોટુભાઇ, તમે તો જાણો છો કે હું શિક્ષણનો વેપાર નથી કરતો. "

" સુરેશભાઇ, તમે મારો સ્વભાવ ક્યાં નથી જાણતા ? મારા પિતાની ઇચ્છા ન હોત તો હું તમને જરા ય આગ્રહ ન કરત. તમે ના પાડો તો એમને કેટલું દુઃખ થાય તેનો તમને ખ્યાલ નથી. "

સુરેશ ને છોટુ દલીલો પર ઊતરી પડયા.

" લ્યો, છોટુભાઇ ! હું એ રકમને સ્વીકારી લઉં છું. " કહી ઉપમાએ ચર્ચાનો અંત આણ્યો.

છોટુ ને સુરેશ સાથે બેસી જમ્યા.

" તને પૈસાનો મોહ ક્યારથી થયો ? " છોટુ ગયા પછી સુરેશે ઉપમાને પૂછ્યું.

" પૈસાનો મોહ ? કદી હતો નહીં--છે નહીં અને થવા સંભવ નથી. " ઉપમાએ કહ્યું.

" એટલે જ અનાસક્તભાવે આ પચીસ કલદાર ગજવામાં મૂકી દીધા, કાં ? "

" મોહ નથી એનો અર્થ એમ નહીં કે પૈસાને હાથ પણ ન અડકાડવો. તમે થોડા એકધૂની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છો. પૈસા ન લેવાની ધૂનમાં તમે છોટુભાઈના હૃદયની લાગણીનો ખ્યાલ રાખવાનું ભૂલી જતા હતા. એ કાંઈ તમને પ્રલોભનરૂપે કે લાંચરૂપે પૈસા આપવા નહોતા આવ્યા. આ તો એમની હાર્દિક ઊર્મિનો ઉછાળો હતો. એમને નાસીપાસ કરવા મને ઠીક ન લાગ્યું."

"બહુ સારું–બહુ સારું !" સુરેશે કહ્યું, "હવે એ પૈસાનું શું કરવું છે ?"

"કોઈ આકસ્મિક જરૂરિયાતને માટે સાચવી મૂકવા, બીજું શું ?"

"એવી દાવકી કયારથી થઈ ગઈ ?"

"ત્યારે તમારો વિચાર શું બ્રાહ્મણ જમાડી દેવાનો છે ?" ઉપમાએ સામું પૂછ્યું.

"મારો વિચાર કહું ?"–"બોલોને !"

"મારો વિચાર તો તને રેશમી સાડી લઈ આપી તારી સાથે એક ફોટો પડાવવાનો છે."

"તમે ય રસિક છો, હો !" ઉપમાએ ટીખળી સ્વરે કહ્યું. "રેશમી સાડી વિના સારો ફોટો નહીં પડતો હોય કે ?"

"વારુ, તું ફોટો પડાવવાની વાત તો કબૂલે છે ને ?"

"તમારી ઇચ્છા હોય તો મારી ના નથી." ઉપમાએ હસતાં કહ્યું.

"ગજબ છો તમે બૈરાંઓ ! બધી બાબતમાં કેમ જાણે અમારી ઇચ્છા જાણીને જ પગલું ભરતાં હો !"

"તો કાંઈ નહીં ! આપણે ફોટો નથી પડાવવો." ઉપમાએ મીઠું છણકાતાં કહ્યું.

"ચાલ–ચાલ ! ફોટો તો પડાવી લઈએ. ફોટોગ્રાફર અમારી શાળાના જ ચિત્રકામ શિક્ષક છે. કહે છે કે બહુ ગરીબ માણસ છે. એને એટલી મદદ થશે."

દડસદ શાળાનો ચિત્રકામ શિક્ષક ત્રિવેદી ખાનગી રીતે ફોટા પાડવાનું કામ કરતો હતો. ફોટા તે સારા પાડતો.

બીજા શિક્ષકો ખાનગી ભણાવી વધારાની આવક મેળવતા, તો ત્રિવેદી ફોટા પાડી કમાઈ લેતો. હેડમાસ્તર નગીનદાસ શિક્ષકોની ખાનગી આવકમાંથી જેમ અડધો ભાગ પડાવતા તેમ ત્રિવેદીની આવકમાંથી ય પોતાનો હિસ્સો પડાવી લેતા.

સુરેશ અને ઉપમા ત્રિવેદીને ત્યાં પહોંચ્યાં ત્યારે તે ફોટો–એન્લાર્જીંગ મશીન બનાવવામાં ગુંથાયો હતો.

"આવો, સુરેશભાઈ !" ત્રિવેદીએ કહ્યું.

"શું ચાલે છે ?" સુરેશે પૂછ્યું.

"રોટલાની માથાકૂટ !" ત્રિવેદીએ કહ્યું, "શાળા ત્રીશ રૂપિયા આપે તેમાં છ છોકરાં અને બે અમે એમ આઠ માણસનું પૂરું ક્યાંથી થાય ? દેશમાં મા–બાપને મહિને દશ–પંદર રૂપિયા મોકલવા પડે તે વળી વધારામાં. નગીનભાઈ સારા માણસ છે કે ત્રીજો ભાગ લઈને ય મને ફોટા પાડવાની સગવડ આપે છે, એટલે મહિને પચીસ–ત્રીશની વધારાની આવક કૂટી કાઢું છું."

"ત્રીજો ભાગ ? શેનો ?" સુરેશે પૂછ્યું.

"તમને ખબર નથી ?"–"ના."

"અહીં જે કોઈ માસ્તર નિમાય તેની સાથે પહેલે જ દિવસે હેડમાસ્તર કેટલીક શરતો નક્કી કરી લે છે. ટયુશન ભણાવો તો અડધા પૈસા તેમને દેવા પડે. મારું કામ જરા અટપટું એટલે મારા ચોકખા નફામાંથી મારે તેમને ત્રીજો ભાગ આપવો એવી ગોઠવણ છે. તમારે કંઈ નથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવું પડતું ?" ત્રિવેદીએ પૂછ્યું.

"મારે ? હું ખાનગી ભણાવતો જ નથી."

"એ જ માણસ છો એટલે એવી લાપરવાહી તમને પોસાય. અમને તો છોકરાંની ધીંધ એવી ઘેરી વળી છે કે ન પૂછો વાત !"

"છોકરાં હોવાં એ તો નશીબદારી મનાવી જોઇએ." સુરેશે કહ્યું.

"એ નશીબદારીથી એક લાભ તો થયો જ છે." ત્રિવેદીએ કહ્યું.

"શો ?"–"ઘરમાંથી ઊંદર નાસી ગયા છે."

"ઊંદર શા માટે નાસી ગયા ?" ઉપમાએ હસતાં પૂછ્યું.

"ઊંદર તો ખાવાનું મળે ત્યાં રહેને ? મારા ઘરમાં તો દાણાનોય અભાવ રહે છે, એટલે ઊંદર અહીં રહીને કરે શું ?" ત્રિવેદીએ મજાકભરી ગંભીરતા ધારણ કરી કહ્યું.

"જબરા તમે ય ઊંદર નસાડનારા !" ઉપમાએ કહ્યું.

"જ્યાં છોકરાંના બાજરાના જ વાંધા છે ત્યાં બચ્ચા ઊંદર તો ખાવાનું ક્યાંથી જ પામે ?" ત્રિવેદીએ કહ્યું. "અને તમારાં જેવાં કોઇ દિવસ ફોટો પડાવવાય ન આવે એમાં અમે કાયમી ભૂખમરામાંથી ઊંચે કેમ કરીને આવીએ ?"

"આજે અમે ફોટો પડાવવા જ આવ્યાં છીએ." સુરેશે કહ્યું.

"મેણાંના માર્યા તો જોગી નથી થતા ને ?" ત્રિવેદી મર્માળાં વચન બોલવા છતાં મુખપરની ગંભીરતા જરા ય ઓછી થવા દેતો ન હતો.

"પૂછો આને !" સુરેશે ઉપમા તરફ આંગળી ચીંધી કહ્યું.

"સ્ત્રીઓ ખોટું ન જ બોલે એવી તમારી માન્યતા છે ? એ માન્યતા બદલાવી નાખજો. સ્ત્રી એટલે જૂઠનો અવતાર."

"સ્ત્રીઓનો તમને બહુ ખરાબ અનુભવ થયો હોય એમ લાગે છે." ઉપમાએ કહ્યું.

"હેં ?" ત્રિવેદીએ કહ્યું, "બહુ સારો અનુભવ છે એટલે એમ કહું છું."

"તમારી વાતનો મર્મ પકડી શકાતો નથી." ઉપમાને ત્રિવેદીની વિચિત્રતા ગમી.

"એમાં મર્મ–ફર્મ કંઇ છે જ નહીં." ત્રિવેદીએ કહ્યું, "છોકરાંને અડધાં ભૂખ્યાં રાખી પતિને તાણુ કરી કરીને ખવડાવતાં તપેલાં ખાલી કરી નાખતી વખતે પત્ની જરા ય આંચકો ખાધા વિના કહી દે છે કે, 'તપેલાં બધાં ભરેલાં છે !' અને પરિણામે પોતે તદ્દન ભૂખી રહે છે, એ જૂઠ નહીં તો બીજું શું ?"

સુરેશ ને ઉપમા ત્રિવેદીની વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયાં. "અથવા" ત્રિવેદીએ આગળ ચલાવ્યું. "કદાચ એને જૂઠ ન પણ કહી શકાય. ખાલી તપેલાંમાં ય હવા તો ભરી જ હોય છે ને ? સ્ત્રી પત્ની તરીકે જુઠ્ઠી છે એના કરતાં ય માતા તરીકે વધારે જુઠ્ઠી છે. જે છોકરાંનો બાપ તેમને પૂરતું ખાવાનું ન આપી શકતો હોય તેમને કહેવું કે તારો બાપ તને બેરિસ્ટર બનાવશે, એ જૂઠ નહીં તો બીજું શું ?" કહી એ હસી પડયો.

સુરેશ કે ઉપમા હસી ન શક્યાં.

"કેમ તમે હસતાં નથી ?" ત્રિવેદીએ પૂછ્યું.

"આવી વાત સાંભળી હસવું કેમ આવે ?" ઉપમાએ સામું પૂછ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" આવી વાતો તો હિન્દી સંસારમાં ઘેર ઘેર બને છે. પોતે ભૂખી રહી, જૂઠું બોલી પતિને ખવડાવે તેવી ખોટાબોલી સ્ત્રીઓ તો સમાજને ચૂલે ચૂલે બેઠી છે. " ત્રિવેદીએ દેખીતા કટાક્ષમાં હિન્દી સ્ત્રી–વર્ગ પ્રત્યેનો પોતાનો પૂજ્યભાવ વ્યકત કરી દીધો.

" એવી સ્ત્રીઓને–હું તો જેમને પૂજું–ખોટું તો ઘરમાં પૂરતી ચીજનો અભાવ હોવાને કારણે જ બોલવું પડે છે ને? એ પરિસ્થિતિ કેટલી દુ:ખજનક છે? "

" પૂરતી ચીજનો અભાવ એ તો હિંદમાં થાળે પડી ગયેલું દરદ છે. એનો અફસોસ કરવાપણું હોય જ નહીં. જે પરિસ્થિતિ કાયમી છે તેનો અફસોસ શું? " ત્રિવેદીએ કહ્યું.

ઉપમાનો અવાજ સાંભળી ત્રિવેદીનાં પત્ની શારદાબેન ઘરમાંથી બહાર આવ્યાં.

" આ અમારા માસ્તર સાહેબ, સુરેશભાઇ " ત્રિવેદીએ પોતાનાં પત્ની સામે જોઇ કહ્યું, " અને આ તેમનાં પત્ની......નામ તો હજી સુરેશભાઇએ કહ્યું નથી. "

" ઉપમા. " સુરેશે હસતાં કહ્યું.

" આવો, બેન! " શારદાબેને કહ્યું.

શારદાબેન પ્રેમાળ બાઇ હતી. ત્રિવેદી જીવનની મુશ્કેલીઓને હસી કાઢવામાં માનનારો હતો. શારદાબેન મુશ્કેલીઓ સહી ગંભીર બન્યાં હતાં, છતાં ત્રિવેદીના સાથમાં એ ગંભીરતાને કોરે મૂકી શકતાં.

શારદાબેનના મુખ પર અસંતોષની છાયા સરખીયે ન હતી. પૈસા મેળવી લેવા કરતાં પૈસા મેળવવાના પ્રામાણિક પ્રયત્નથી શારદાબેનને વિશેષ સંતોષ થતો. ત્રિવેદી શારદાબેનને લાડ લડાવતો નહીં, તેમને માટે નવી નવી ચીજો લઇ શકતો નહીં, છતાં શારદાબેન તો સદાય ત્રિવેદી પર વારી જતાં, કારણ કે તે તેનું હૃદય બરાબર સમજી શકયાં હતાં. ગપ્પાંવેતરૂં કરતાં કરતાં ત્રિવેદી જે મજાકો કર્યે જતો તેનું સાચું રહસ્ય શારદાબેન સમજતાં. એવી મજાકો જો ન કરી શકાતી હોત તો આર્થિક વિટંબણાઓએ ત્રિવેદીને કયારનોય ગાંડો બનાવી દીધો હોત, તેનો શારદાબેનને ખ્યાલ હતો.

ઉપર ઉપરથી શારદાબેનની મશ્કરી કરવા છતાં ત્રિવેદીનું હૃદય શારદાબેનથી ભર્યું ભર્યું રહેતું. ત્રિવેદીને કયારેક એવાં લાસડિયાં લોકો મળી જતાં કે તનતોડ મહેનત કરવા છતાં ય તેને પાઇની ય પેદાશ ન થતી. એવે પ્રસંગે શારદાબેનનો થોડો ઉપહાસ કરી લઇને ત્રિવેદી ગ્લાનિ માત્ર ખંખેરી નાખતો–જાણે કોટ પર ચડેલ ધૂળ ખંખેરતો હોય તેમ.

ગમે તેટલી મુશીબતમાં ય જરા હસી લેતાં–ટીખળ કરી લેતાં ત્રિવેદી રંગમાં આવી જતો. મુશ્કેલીઓ તેમનાં હૃદયની મહત્તાને સ્પર્શી ન શકતી, કારણ કે ત્રિવેદીની તીક્ષ્ણ બુધ્ધિ મુશ્કેલીઓને ઘણી સહેલાઇથી હસી કાઢી શકતી.

હમણાં જ ત્રિવેદીના પિતાનો પત્ર હતો કે, " તારી મા માંદી છે, માટે રૂ. ૨૦) મોકલજે." રૂ. ૨૦) મોકલવાની મુશ્કેલીનો પાર ન હતો છતાં માતૃભકત ત્રિવેદી એ રકમ ગમે તેમ કરીને ય મોકલશે તેની શારદાબેનને ખાત્રી હતી. શારદાબેનનાં ઘરેણાં એકએક કરી લગભગ બધાં વેચાઇ ગયાં હતાં. હવે વેચવા જેવું બહુ થોડું બાકી હતું. આવી પરિસ્થિતિમાં ય પતિ નિર્દંશ હસી શકે તેને શારદાબેન શુભ ચિન્હ ગણતાં. હાસ્ય એમનાં જીવનમાં કટુતાને પેસવા જ ન દેતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્રિવેદી જેટલો બાખો હતો, એટલો જ બહાદુર ને પ્રેમાળ હતો. પૈસો તેની પાસે ન હતો. પણ વહાલસોયી પત્ની ને ઉદાર હૃદય તેને પૈસાથી ન મળી શકે તેવો ઉચ્ચ કક્ષાનો આનંદ આપી શકતાં.

છ છોકરાંનાં માબાપ શારદાબેન ને ત્રિવેદી હજી ગઈ કાલે જ પરણ્યાં હોય તેટલા પ્રેમપૂર્વક જીવતાં હતાં. તેમનું દાંપત્ય ઉપમા–સુરેશને ધન્ય લાગ્યું. ઉપમા તો શારદાબેનનું મુખ જોતાં જ તેમના પર વારી ગઇ હતી. એ મુખ પર ચીમળાયેલી સ્ત્રીસમો કંટાળો ન હતો, પણ જીવનને ધબકારે ધબકારે પ્રેમનો ઉન્માદ અનુભવતી નવોઢાશો પ્રણય–તરવરાટ હતો.

ત્રિવેદી અને શારદાબેન બંનેને લોકો ગાંડાં કહેતાં, પણ એ ગાંડપણમાં ય કેવી ભવ્યતા હતી! શારદાબેન તો પ્રમાણમાં ઠાવકાં હતાં. વ્યવહાર–કુશળતા ય તેમનામાં હતી. પણ એ વ્યવહાર–કુશળતા તેમની પ્રેમ–ઉષ્માને જરા ય ઠંડી નહોતી કરી શકી.

"હમણાં જ હું તારાં વખાણ કરતો હતો." ત્રિવેદીએ શારદાબેનને કહ્યું.

"પતિને ખવડાવી ભૂખી રહેનાર પત્નીને જુઠ્ઠી કહેનારને તો છ મહિના સુધી ભૂખ્યા જ રાખવા જોઈએ." ઉપમાએ ગમ્મત કરતાં કહ્યું.

"અરે, બેન! તમે એમની વાત ક્યાં સાચી માની બેઠાં," શારદાબેને કહ્યું, "રળવા બેસે તો ભૂખ ને દુઃખ બધું ય ભૂલી જાય એવા છે. એમને હાથ ઝાલી ભાણાં પર ન બેસાડયા હોય તો પાંચ દિવસ સુધી જમવાનું માગે એવા નથી."

"હું તો કહું છું કે પૈસા મળતા હોય તો હું તમારી, છોકરાંઓની કે કોઇની દરકાર કરૂં એવો નથી. મારા જેવા નઠોરને તો તમે જ સાચવો." ત્રિવેદીએ કહ્યું.

"એ પૈસા કોને માટે રળો છો? અમારે જ માટેને?" શારદાબેને પૂછ્યું. શારદાબેન ત્રિવેદીને બોલવે પહોંચી વળે તેવાં નીકળ્યાં.

મુશ્કેલીમાંય આટલી મીઠાશથી સંસાર ચલાવ્યે જતાં દંપતી પ્રત્યે ઉપમા અને સુરેશને પૂજ્યભાવ ઉત્પન્ન થયો. ઘરમાં અછત હતી તે દેખીતું હતું, છતાં બંને એકબીજાની ભૂલો શોધવાને બદલે વખાણ જ કર્યા કરે એ દૃશ્ય દૈવી હતું.

ઉપમાએ શારદાબેન સાથે ખૂબખૂબ વાતો કરી. સાંજ સુધી ઉપમા ને સુરેશ ત્રિવેદીને ત્યાં રોકાયાં. બપોરે ચા–નાસ્તો પણ લીધો. શારદાબેન હેડમાસ્તરનાં પત્ની ચંચળબેન કરતાં ઊલટા જ સ્વભાવનાં હતાં. પોતાની નબળાઇ તે પહેલી વર્ણવી બતાવતાં. પણ ઉપમા ને સુરેશની સરભરામાં તેમણે જરાય મોળપ નહોતી રહેવા દીધી.

ફોટો પડાવી ઘેર જતાં સુરેશે ખીસામાંથી રૂ. ૨૫) કાઢી ત્રિવેદીના હાથમાં મૂક્યા.

"આ શું?" ત્રિવેદીએ પૂછ્યું.

"અમારી જિંદગીનો આ પે'લો ફોટો છે." સુરેશે કહ્યું, "મારે તેની ઘણી નકલો જોઇએ છીએ. આટલા પૈસામાંથી થઇ શકે તેટલી નકલો કરી આપજો."

ટીખળી ત્રિવેદીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

"સુરેશભાઇ," ત્રિવેદીએ કહ્યું, "પૈસાની મારે જરૂર છે. તમે આટલી બધી નકલો મને મદદ કરવા જ કઢાવો છો તે હું જાણું છું. પણ આવડી મોટી રકમ પાછી આપવાની મારી શકિત નથી. હું સુંદર કામ કરી આપીશ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાંત, દાતણ ને અંગમેલ

ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ

આપણા શરીરમાં, જીવનના પોષણ અને વૃદ્ધિને માટે, ભિન્નભિન્ન ઇંદ્રિયોદ્વારા, અહોનિશ, અનેક પ્રકારની પ્રક્રિયાઓ ચાલતી હોય છે. તેના પરિણામે પોષક તત્ત્વો શરીરમાં સંમિલિત બની જાય છે ને નિરુપયોગી કે હાનિકારક તત્ત્વો પ્રત્યેક ઇન્દ્રિયના મળરૂપે બહાર પડે છે. તે પદાર્થોને દિવસે તો આપણે સ્વાભાવિક રીતે જ શરીરથી દૂર કરીએ છીએ, પરંતુ રાત્રિમાં નિદ્રાને લીધે તે એકત્રિત થવા પામે છે. પ્રત્યેક પ્રભાતે તેને દૂર કરવાં એ આરોગ્યનું આવશ્યક અંગ છે.

રાત્રે શ્વાસોશ્વાસની સતત ક્રિયાને લીધે નિરુપયોગી તત્ત્વ મુખમાં એકત્ર થયા કરે છે ને તે દાંતને અશુદ્ધ બનાવે છે અને જીભ પર છારી પાથરે છે. એ જ રીતે આંખમાં પિયા બાઝે છે, નાકમાં ગૂંગા બંધાય છે, ચામડી પર પસીનો બાઝે છે, શરીરમાં મળ એકત્ર થાય છે. પ્રભાતમા એ બધું બનતી ઝડપે દૂર કરવું-એ આરોગ્ય, જીવનવિકાસ અને પ્રફુલ્લતાનું પ્રથમ પગથિયું છે. તે માટે દાતણ–મુખશુદ્ધિ, શૌચ–શરીરશુદ્ધિ ને સ્નાન–અંગશુદ્ધિ એ ક્રિયાઓ યોજાયલી છે.

મુખશુદ્ધિની ક્રિયામાં કેવળ દાંત કે જીભનો જ નહિ, પરંતુ આંખ, નાક, કાન વગેરે–અખિલ ચહેરાની શુદ્ધિનો સમાવેશ થાય છે. તે બધા પર અહીં આપણે અનુક્રમે દૃષ્ટિપાત કરીશું.

દાંતના બે ભાગ: બહારનો (અપ્રચ્છન્ન) અને અંદરનો (પ્રચ્છન્ન). બહારનો ભાગ કઠણ અને સફેદ ચકચકતો (Enamel) છે જ્યારે અંદરનો ભાગ તેનાં પોષક તત્ત્વોનો એટલે કે તે રક્તકેશ-વાહિની તથા જ્ઞાનતંતુવાળો હોવાથી કોમળ છે. એટલે જ તેના સંરક્ષણ અર્થે બહારનો ભાગ ચારે કોર વીંટળાયલ છે. ટૂંકમાં અંદરનો ભાગ સજીવ અને મૃદુ છે ને બહારનો ભાગ કઠણ અને નિર્જીવ છે. પેઢાં પણ લોહી અને માંસવાળા પદાર્થનાં બનેલ હોવાથી મૃદુ અને જીવંત છે. આ રીતે મુખમાં એક બાજુએ કઠણ અને નિર્જીવ ભાગ ને બીજી બાજુએ મૃદુ અને સજીવ ભાગ પરસ્પરને અડીને રહેલા છે. એટલે એકને સાફ કરવામાં થતી ક્રિયામાં બીજું આપોઆપ સપડાઇ જાય છે. પેઢાંની સલામતીનો વિચાર કરી મુખશુદ્ધિ માટે જો સુંવાળું અને મૃદુ સાધન પસંદ કરવામાં આવે તો તેનાથી દાંત બરાબર સાફ નથી થતા ને દાંતનો વિચાર કરીને જો કઠણ સાધન પસંદ કરવામાં આવે તો તેથી પેઢાં છોલાઇ જઇ લોહી નીકળે છે. એ સંયોગોમાં બંનેને સાફ કરવા માટે, ન તો એકાંતપણે કઠણ વસ્તુ કે ન તો નરમ વસ્તુ ખપમાં લાગે તે સમજી શકાય તેમ છે. તેથી દાંત સાફ કરવા માટેની સામગ્રી પર દૃષ્ટિપાત કરવો પણ જરૂરી છે.

સુરેશને કંઇ વધારે બોલવાનું યોગ્ય ન લાગ્યું.

ઘેર પહોંચી સુરેશે ઉપમાને પૂછ્યું, " ઉપમા તને કેમ લાગ્યું ? "

" સારૂં કર્યું; શારદાબેન જેવી ખાનદાન સ્ત્રી મેં જીવનભરમાં જોઇ નથી. " ઉપમાએ કહ્યું, " દુ:ખમાં ય કેટલા પ્રેમપૂર્વક એકમેકને ચાહે છે ! દુ:ખ તો તેમને સ્પર્શી ય શકતું નથી. "

" છોટુભાઇના પચીસ રૂપિયા યોગ્ય સ્થળે જ પહોંચ્યા. આપણને ફોટા મળશે તે વધારામાં " ! સુરેશે કહ્યું. *

* લેખકની તાજેતરમાં પ્રસિદ્ધ થનાર નવલકથાનું એક પ્રકરણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી સામગ્રીમાં (૧) કુદરતી વનસ્પતિ અને (૨) બનાવટી વસ્તુનો ઉપયોગ થતો જોવાય છે. વનસ્પતિમાં ઝાડની પાતળી ડાંખળીઓના કટકા કાપીને ઉપયોગમાં લેવાય છે, જેને સામાન્ય ભાષામાં 'દાતણ' કહેવાય છે, જ્યારે બનાવટી વસ્તુને બ્રશના નામથી ઓળખવામાં આવે છે.

વનસ્પતિ–ઝાડના બે વર્ગ: જેનું બી વાવ્યા પછી બે ફાડ સાથે અંકુરિત થાય છે તે (Di–cotolydanous) ને જેને એકજ ફાડ હોય છે તે (Mono–cotolydanous). બે ફાડવાળાં ઝાડનાં વપરાતાં દાતણમાં આપણે બાવળ, આવળ, વડ, પીંપળો, લીંબડો, ખીજડો વગેરે ગણાવીશું, અને એક ફાડવાળાંમાં નાળિયેરી, નેતર, ખજૂરી વગેરે આવે છે. બેવડી ફાડવાળામાં રેસા ટૂંકા ને મુલાયમ હોવાથી દાતણ ચાવવામાં મઝા પડે છે ને કૂચડો ઝટ સુંવાળો બને છે. જ્યારે એકવડી ફાડવાળાંના રેસા લાંબા, એકધારા ને કઠણ હોવાથી ચાવતાં કંટાળો આવે છે ને કૂચડો પણ જોઇએ તેવો સુંવાળો બનતો નથી. આ પ્રમાણે રેસામાંથી થતા કૂચડાની ગણત્રીએ બેવડી ફાડવાળાં ઝાડનાં દાતણ વધારે લાભદાયી ગણાય. પરંતુ જ્યાં તેવાં ઝાડ બિલકુલ મળી શકતાં જ નથી (હિમાચ્છાદિત પ્રદેશોમાં) અથવા ખૂબ ઓછા પ્રમાણમાં મળે છે (મલબાર–કોચીન આદિ દરિયાકાંઠાના પ્રદેશોમાં) ત્યાં જનતા એકવડી દાળનાં દાતણનો જ ઉપયોગ કરે છે. કેટલીક વખતે કરકસર કે સાનુકૂળતાની દૃષ્ટિએ પણ તેવાં દાતણ વાપરવામાં આવે છે.

બનાવટી વસ્તુમાં મુખ્ય ભાગે બ્રશજ વપરાય છે. બ્રશના વાળ અતૂટ અને સુંવાળા ન હોવાથી તેને એક રીતે તો ઉપર વર્ણવાયલાં એકવડી ફાડનાં દાતણની કોટિમાંજ મૂકી શકાશે. પરંતુ તેના વાળ વધારે કડક હોવાથી તે દીર્ઘ સમય પર્યન્ત કામ આપી શકે છે.

આ પ્રમાણે મુખશુધ્ધિનાં સાધનોનો વિચાર કરતાં આપણે બેવડી ફાડનાં દાતણ, એકવડી ફાડનાં દાતણ ને બ્રશ ત્રણેનું અવલોકન કરી ગયા. હવે જુદાં જુદાં દૃષ્ટિબિન્દુએ તે ત્રણેના લાભાલાભ વિચારી જઇએ:

(૧) આર્થિક દૃષ્ટિએ–બ્રશના દીર્ઘ વપરાશને ખ્યાલમાં રાખવા છતાં પણ એકંદરે તો બ્રશ કરતાં દાતણ જ સસ્તાં પરવડે છે.

(૨) સ્વચ્છતાની દૃષ્ટિએ–બ્રશ સાથે સરખાવતાં વનસ્પતિનાં દાતણ સરસાઇ ભોગવતાં જણાય છે. કેમકે બ્રશનો હાથો કાં તો મૃત્યુ પામેલાં જનાવરનાં અવશેષમાંથી અથવા તો કોઇ કૃત્રિમ રાસાયણિક મિશ્રણમાંથી બનાવાયો હોય છે અને વાળ પણ મૃત પ્રાણીઓનાં શરીરના કે પૂછડાંના વાળના અવશેષરૂપ હોય છે. તેમને ગમે તેવી રાસાયણિક ક્રિયાઓમાંથી પસાર કરવામાં આવે તો પણ ધાર્મિક દૃષ્ટિએ તો તેની બાધકતા ટળતીજ નથી. ને એ દૃષ્ટિને બાજુએ મૂકીએ તો પણ અનેક ક્રિયાઓ–પ્રક્રિયાઓના ક્રમમાં ગફલતનો પૂરતો સંભવ રહે છે. તે ઉપરાંત બ્રશને વાપર્યા પછી તેને જો પૂરતી કાળજીપૂર્વક સાફ કરવામાં ન આવે તો તેમાં ઝીણી ઝીણી પ્રક્રિયાઓ થતી જઇને (Micro–organismsને લીધે) તે ચેપી (Septic) બની જાય છે. વળી બ્રશ કાયમી વસ્તુ રહેતી હોવાથી એકનું વાપરેલ અન્ય વાપરે તો તેમાં પણ ચેપ લાગવાનો ભય રહે છે. જ્યારે દાતણ એક વખત વાપરી ફેંકી દેવાનું હોઇ તે અંગે આવા કોઇ પ્રશ્ન ઉદ્‌ભવતા જ નથી. વળી વનસ્પતિમાં કુદરતે એટલી બધી કાળજી દાખવી હોય છે કે અસ્વચ્છતાનો કિંચિદ્ અંશ પણ પ્રવેશી શકતો નથી. અસ્વચ્છતા કે રોગે પ્રવેશ કર્યો હોય તો તે વનસ્પતિનું ઝાડ પોતેજ તેટલા પ્રમાણમાં નબળું પડી જતું દેખાય. એટલે આપણે માટે એટલીજ સાવચેતી જરૂરી ગણાય, કે જે ઝાડનું દાતણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાપવામાં આવતું હોય તે તાજું અને લીલું હોવું જોઇએ. તે ઉપરાંત વનસ્પતિનાં દાતણ માટે એક સાવચેતી એ રાખવી જોઇએ કે તેને હંમેશાં પાણીથી પ્રથમ સાફ કરીને પછી વાપરવું કે જેથી તેને કંઇ અશુદ્ધિ લાગી હોય તો તે ધોવાઇ જાય.

(૩) પોષક તત્ત્વોની દૃષ્ટિએ–વનસ્પતિનું દાતણ કૂચડો બનાવતાં લગી ચાવવું પડતું હોવાથી દાંતને લગતી ગ્રન્થીઓ જાગૃત થઇ જાય છે ને તેમાંથી ઉત્પન્ન થતો રસ મુખશુદ્ધિ કરવામાં સહાયક થાય છે; જ્યારે બ્રશની બાબતમાં આ ક્રિયાનો તદ્દન અભાવ જ છે. તે ઉપરાંત જે વનસ્પતિનું દાતણ વપરાય છે તેના ખુદમાં રહેલા ફાયદા પેઢાંને અને પ્રકારાંતે દાંતને મજબૂત બનાવવામાં ઉપયોગી થાય છે. આ ફાયદા બ્રશ અંગે તો મળતા જ નથી. બલ્કે બ્રશના વાળ કડક હોઇને એકાળજીથી વાપરતાં પેઢાંને ઇજા પહોંચે છે, છોલાઇ જાય છે ને રક્તાશ્રવ નીપજે છે. બ્રશની સાથે કેટલીક વખતે જે ખુશબોદાર દંતમંજનાદિ વપરાય છે તે કેટલેક અંશે પોષણની જરૂરિયાતને પુરી પાડે છે પણ સાથે જ તે ખર્ચમાં ઉમેરો કરે છે.

(૪) ટકાવની દૃષ્ટિએ–દાંતની સફેદી ટકાવવામાં વનસ્પતિનું દાતણ મદદરૂપ બને છે, જ્યારે દંતમંજન વાપરવાથી દાંત કંઇક પીળાશ પકડતા જાય છે. એકલું જ બ્રશ વપરાય તો દાંતની સફેદીનો ચળકાટ ટકી રહે છે ખરો, છતાં બ્રશના વાળની કડકાશને લીધે અને હરહંમેશના ઘસારાથી દાંતનું એનેમલ ઉખડી જાય છે, જેથી જ્ઞાનતંતુ અને રક્તકેશવાહિનીવાળો ભાગ ઉઘાડો થતાં, બ્રશથી ઘસતી વખતે ઇજા થાય છે. કદાચ બ્રશનો ઉપયોગ કાળજીથી કરાય તો પણ મોંમાં નંખાતા ઠંડા કે ઉષ્ણ પદાર્થોની થતી અસરથી તો તે બચવા નથી જ પામતા. આ અસર મુખ્ય અંશે દુખાવા રૂપે જ ભોગવાય છે.

(૫) શુદ્ધિકરણની દૃષ્ટિએ–દાંતની પંકિત ઉપર દાતણનો કૂચડો ઘસતાં તે નરમ હોવાથી એ દાંતની વચ્ચેની જગ્યામાં ભરાઇ રહેલી અશુધ્ધિ સહજ સાફ નથી થતી. જ્યારે બ્રશના વાળ કડક હોવાથી તે અશુધ્ધિને પણ તે ઉખેડી નાંખે છે. પણ બ્રશમાં મુખ્ય નુકશાન એ છે કે તે અશુધ્ધિ ઉખેડ-વાની સાથોસાથ દાંત અને પેઢાંને પણ હાનિકારક ઘસારો પહોંચાડે છે. એટલે વિશેષ ઇચ્છનીય એ છે કે કૂચડાને વધારે કાળજીપૂર્વક ઉપયોગમાં લઇ બધી શુધ્ધિ કરી લેવી.

(૬) સુલભતાની દૃષ્ટિએ—જે પ્રદેશમાં કુદરતે પોતાનો ખજાનો સદા ઉઘાડો જ રાખ્યો છે ત્યાં તો નજર કરતાં અને લાંબો હાથ કરતાંજ કોઇ પણ જાતની વનસ્પતિ મળી જાય છે. એટલે ત્યાં બ્રશનો વિચાર કરવો તે હાનિકારક છે. પરંતુ જ્યાં વનસ્પતિ સમૂળગી મળતી જ ન હોય ત્યાં ન છૂટકે બ્રશથી ચલાવવું પડે. પણ પશ્ચિમનું આંધળું અનુકરણ કરીને જ્યાં ત્યાં બ્રશ વાપરવું તે કોઇ પણ દૃષ્ટિએ યોગ્ય નથી.

આ રીતે દાંત અને દાતણની વિચારણા પછી હવે આપણે બીજાં અંગો પર દૃષ્ટિપાત કરીએ.

જીભ ખરી રીતે માંસના એક લોચા સમી છે. શરૂઆતમાં આપણે કહી ગયા છીએ કે દરેક ઇન્દ્રિય પોતાનો મળ રાત્રિ દરમ્યાન એકઠો કરે છે, જે આપણે પ્રાત:કાળે કાઢી નાંખવો રહે છે. તેમાં, હોજરીમાં પાચન થતો પદાર્થ આગળ વધીને આંતરડાંમાંથી પસાર થયા બાદ તેમાંનું અપોષક તત્ત્વ મુખ્યત્વે મળદ્વારા બહાર બહાર પડે છે પરંતુ તેને અંગે થતી ક્રિયાને લીધે તથા રાત્રિમાં ચાલતા શ્વાસોશ્વાસને લીધે જીભ ઉપર એક જાતની ખરપોટી–છારી બાઝે છે. આ છારીનાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રંગ અને ઘેરાશ, શરીરનું કયું અવયવ ખામીભરેલું છે તેના પ્રતીકરૂપ હોઇ, દાક્તરો તથા વૈદ્યો તેને બારીકાઇથી નિહાળી રોગની ચિકિત્સા કરી શકે છે. તે વિષય આપણો ન હોવાથી છોડી દઈએ છીએ. પરંતુ જ્યારે તે હાનિકારક પદાર્થ હોવાનું જણાવ્યું છે ત્યારે જેમ બને તેમ તેને સંપૂર્ણ રીતે દૂર કરવાની આવશ્યતા તો રહેજ છે. જો ન કરીએ તો પછીથી ખવાતી વસ્તુ સાથે પેટમાં ઊતરી જઇ ઉપદ્રવ અને રોગનાં કારણરૂપ બને છે. જેઓ વનસ્પતિનું દાતણ વાપરે છે તેઓ તો તેની જ ચીરી બનાવી, એવડી વાળીને જીભ ઉપર ધીમેથી ઘસી તે પરની છારી-ઊલને કાઢી નાંખે છે. જેઓ બ્રશ વાપરે છે તેઓ ઉક્ત જીભશુદ્ધિને માટે ધાતુની કે સેલ્યુલોઇડની પાતળી પટીનું ઊલિયું વાપરે છે. દાતણની ચીરી કે આવું ઊલિયું વાપરતાં સમજવાનું કે બહુ દબાણથી ઘસતાં જીભ ઉપરની ચામડી ઘસાય છે તથા થૂંકનાં રસપીંડો જોખમાય છે, તેમજ બહુ ઊંડે સુધી ચીરી ઘસતાં ગળાના પાછલા ભાગને વાગી જઇ લોહી નીકળે છે. કેટલાક દાતણને બદલે પોતાના હાથનાં આંગળાથી જીભને ઘસી સાફ કરી શકવાનો સંતોષ લ્યે છે જ્યારે કેટલાક આંગળાંને ગળામાં ઠેઠ ઊંડાં નાખી, ઑ ઑ કરીને કે ગળામાં પાણી નાખી ગળગળાટ અવાજ કરી કાર્યસિદ્ધિ થઇ સમજે છે. પરંતુ આ બધું બિનઆવશ્યક છે. ઊલટું કોઇ વખત જોર આવી જતાં આંતરડાંને તેની અસર પહોંચવાથી હેરાન થવું પડે છે.

નાકના ગૂંગાને સાફ કરવા માટે એક પછી એક નસકોરું દબાવીને જોરથી શ્વાસ બહાર કાઢવાથી એકઠા થયેલ ગૂંગા આપોઆપ નીકળી જાય છે. કેટલીક વખત ગૂંગા સુકાઇ જવાથી અંદરની ચામડી સાથે ચોંટી જાય છે અથવા કેટલાક રોગના કારણને લીધે કઠણ થઇ જાય છે ત્યારે હાથના નખથી ખોતરવા પડે છે. તેમ કરવા જતાં કદાચ નીચેની ચામડી ઉખડી જતાં લોહી નીકળે છે. સારો રસ્તો એ છે કે કઠણ કે ચોંટી ગયેલ ગૂંગાને પ્રથમ પાણી લગાડી થોડો વખત પલળવા દઇ નરમ બનાવવા ને પછી ફરીથી નસકોરું દબાવીને તેને સહેજે બહાર કાઢી નાંખવા.

ગૂંગાની જેમ કેટલીક વખતે આંખના પિયા પણ ચામડી સાથે ચોંટી જાય છે. તેને પણ પલાળીને સંભાળપૂર્વક દૂર કરવા જોઇએ.

બને કદી તો—

સનાતન

(ઇન્દ્રવજ્રા)

અંધાર ઘેરાં પટ પાથરીને,
જો તું બને ઘોર નિશા કદાપિ;
તો હું બનું તારક-ચંદ્ર નાનો,
ને ચીરી નાખું પટ એ પ્રમાદી.
પ્રચંડ મોજે જગને ડુબાવે,
એવો બને સાગર તું કદાપિ;
તો હું બનું એક નગેન્દ્ર મોટો,
ને ભાંગી નાખું ઉછળેલ છોળો.

પૃથ્વી પ્રજાળે પળમાંહી એવી
જો તું બને પાવક-જ્વાળ મોટી;
તો હું બનું વાદળી એક નાની,
તૂટી પડું હું દવ માંહી દોડી.
જો તું પછાડે દુઃખ સાયરોમાં,
વ્યાધિ વ્યથા વા ભય વારિધિમાં;
તો હું બનું સાધક શાન્તિ કેરો
ને ના ડરૂં લેશ તુંથી કદાપિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાખો માલમ

ડુંગરશી ધરમશી સંપટ

[ગતાંક પૃ. ૧૮ થી ચાલુ]

થોડા કલાક પસાર થઇ ગયા. એકદમ કૂવા ઉપરના નાવિકે હોઃ ઓઃ ઓઃ એવી બૂમ નાખી. લાખો તૂતક ઉપર દોડી આવ્યો, પરંતુ ધુમ્મસમાં કંઇ દેખાયું નહિ. થોડી વારે ડાબી બાજુએ બોરડુ ઉપર એક વહાણુની આછી છાયા ઝાંખી ઝાંખી દેખાવા માંડી. લાખે પોતાની ગરુડ જેવી તીક્ષ્ણ આંખ તે વા'ણની છાયા ઉપર માંડી. એના મનને એ વહાણનો દેખાવ શકમંદ લાગ્યો. ધારી ધારીને જોતાં આકાર શકમંદ લાગ્યો. ચાંચિયાનું ભૂત એના મનમાંથી ખસતું નો'તું. માનસિક સરખામણી કરવા માંડી. એના મનમાં શંકા દૃઢ થઇ. એણે સુકાન પોતાના હાથમાં લઇ વહાણ પાછું ફેરવ્યું. શકમંદ વહાણ આસપાસ મોટો ચકરાવો લીધો.

લાખે તોપો તૈયાર કરવાનો ધીમેથી હુકમ છોડયો. તોપો સાફ કરી દારૂગોળો તોપોમાં ભરવામાં આવ્યો. ખલાસીઓને હથિયારબંધ કરી ગોઠવી દેવામાં આવ્યા. ધુમ્મસ પણ થોડું ઓછું થવા લાગ્યું હતું. વહાણની બાંધણી ગોવાના ઘાટની હતી. તે ધીમી ચાલે આગળ વધતું હતું. લાખે આ વહાણને 'કાળભૈરવ' તરીકે ઓળખ્યું. એણે જાતે તોપની નેમ માંડીને જામગરીનો દામ દીધો. ધુરરરર કરતો ગોળો છૂટી સામા વહાણના સઢને ઉપાડી ગયો.

નિત્ય જાગૃત ચાંચીએ પોતાની પાંખો ફફડાવી દોટ મૂકવા તૈયારી કરી તે પહેલાં તો બીજો ગોળો ધસી આવી પાંચ ખલાસીઓ અને કૂવાથંભને ઉપાડી ગયો. ચાંચિયાએ ભાગવાનો વિચાર પડતો મૂક્યો. વેંકોબાએ પોતાનું સુકાન હાથમાં લઇ ગોળાઓના મારામાંથી બચાવવા વહાણને આડીઅવળી ગતિમાં મૂકી દીધું. બીજી તરફ ખલાસીઓ તોપોમાં દારૂગોળો ભરવા મંડી પડયા. તેટલા વખતમાં પ્રેમસવાઇના એક ગોળાએ જમણી બાજુમાં એક ગાબડું પાડી દીધું. પરંતુ વેંકોબાના સાવધપણાથી તેમાં મોટો ડૂચો અપાઇ બંધ કરવામાં આવ્યું. વેંકોબા હસ્તલાઘવથી ગોળાઓ ચૂકવતો વહાણનું રક્ષણ કરવા માંડયો. બંને વહાણો ધીમી ચાલથી આગળ વધતાં લડયાં જતાં હતાં. તોપોના અવાજ સાથે હથિયારોનો ખખડાટ પણ વધ્યો. ફરી પ્રેમસવાઇના ગોળાએ કાળભૈરવની આલાતને ખલાસીઓ સાથે ઉડાવી દીધી. હવે તો કાળભૈરવના ગોળા પણ સામો જવાબ આપવા માંડયા. બન્ને વહાણોના સુકાનીઓ વચ્ચે વહાણ ચલાવવાની બાબતમાં હરીફાઇ ચાલી. એકબીજાના ગોળાઓમાંથી રક્ષણ કરવા સુકાન ઉપરનું પોતાનું હસ્તકૌશલ્ય અને હળવા હાથની સફાઇ સુકાનીઓ બતાવતા હતા. વહાણો હવે તો નજદીક આવી ગયાં હતાં.

પ્રેમસવાઇની યુરોપિયન તોપોએ પણ જવાબ આપવા માંડયો. કાળભૈરવ તેમની સામે ટકી શકે તેમ નહોતું. અનુભવી વેંકોબાએ બચવા માટે અનેક યુક્તિઓ કરી. પ્રેમસવાઇ સાથે ભેટો કરી એકબીજાને વળગી પડવા તેણે ભારે પ્રયત્ન કર્યો.

પરંતુ લાખાની ભારે ચતુરાઇથી "કાળભૈરવ" નજદીક આવી પ્રેમસવાઇને પડખે ચોંટી શક્યું નહિ. પોતાની સરસ તોપોથી પ્રેમસવાઇને દૂર રહી "કાળભૈરવ" પાસે જવાબ લેવાનું ફાયદાકારક હતું. લાખો પોતાના લાભને ગુમાવે એવો નહતો. તેણે દૂર રહીને ગોળાઓનો વરસાદ વરસાવવો શરૂ કર્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"કાળભૈરવે" હવે ખૂબ માર ખાધો હતો. તેના મોટા નાના કૂવાથંભો ગોળાઓએ તોડી નાંખ્યા હતા. તેની આલાત હાથો બધાં દરિયામાં ગયાં હતાં. ગોળાઓના મારથી પડેલાં ગાબડાઓથી પાણી વહાણમાં આવતું હતું. તેની તોપોને પ્રેમસવાઇના ગોળાઓએ ઉડાડી દૂર ફેંકી દીધી હતી. તે નીચે કેટલાક ગોલંદાજો દબાઇ મરણ પામ્યા હતા. આખું વહાણનું તૂતક મડદાંઓ ને વહાણના સામાનથી અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. તૂતકમાં પણ ગાબડાંઓ પડયાં હતાં. બે કલાક પહેલાંનું સાજુંતાજું વહાણ મરવાની અણી ઉપર આવેલા પક્ષીની જેમ તરફડિયાં મારતું હતું. પ્રેમસવાઇને પણ મોટા જખમો થયા હતા. ચાંચીએ તેની ઠીક ખબર લીધી હતી. તેના ઘણા ખલાસીઓ માર્યા ગયા અથવા ઘાયલ થયા હતા. પરંતુ વહાણ હજી સશકત હાલતમાં હતું.

"કાળભૈરવ"ના તૂતક ઉપર બચેલા દશેક ખલાસીઓએ પોતાના હાથમાં સફેદ વાવટો ઊંચો કર્યો. હવે વહાણ ડૂબવાની તૈયારીમાં હતું. બચવાનો કાંઇ આરો નહોતો. એટલે બચેલા ખલાસીઓ શરણે આવવા તૈયાર થયા. તરત જ પ્રેમસવાઇમાંથી એક હોડી ઉતારવામાં આવી. હથિયારબંધ ખલાસીઓએ તેને ખેંચી "કાળભૈરવ"ની સમીપ આણી. એક તોપને બચેલા ખલાસીઓ ઉપર માંડવામાં આવી. પાંચ ખલાસીઓ બંદૂકો લઇ તેમના ઉપર નેમ તાકી રહ્યા. હોડીએ વહાણથી થોડે નજીદીક ઊભા રહી ખલાસીઓને દરિયામાં કૂદી તરી આવવા જણાવ્યું. તે પ્રમાણે "કાળભૈરવ" માંથી દશેક ખલાસીઓ તરીને હોડી પાસે આવ્યા. તેમને ઉપાડી પ્રેમસવાઇમાં પોંચતા કર્યા.

પ્રેમસવાઇમાં સૌના જખમો ઉપર પાટાપીંડી કરી, તેમને હાથે પગે કડીઓ પહેરાવી, બબ્બે ત્રણ ત્રણને જુદી જુદી ઓરડીઓમાં પૂરવામાં આવ્યા. તેમની સાથે સારો વર્તાવ રાખવામાં આવ્યો. તપાસ કરતાં વેંકોબા પણ જીવતો પકડાયો હતો. તેના શરીર ઉપર અનેક ઘાવ લાગેલા હતા. લગભગ બે ત્રણ દિવસોની પાટાપીંડી પછી તેના ઘાવો રૂઝાવા માંડયા. કાળભૈરવે એક મોટું ડબકું ખાઇ દરિયાના પાણીમાં હંમેશ માટે વાસ કર્યો. ભયંકર ચાંચિયાઓનું ભયંકર વહાણ ભયંકર મૃત્યુને પામ્યું.

આઠેક દિવસમાં વેંકોબા તદ્દન સાજો થઇ ગયો. એને લાખા પાસે તૂતક ઉપર લાવવામાં આવ્યો. લાખે તેના ઉપર ઘણીવાર મીટ માંડી કહ્યું:

'વેંકોબા તું જ કે ?'

'હા'.

'આઠ માસ ઉપર પોરબંદરની ખાડીમાં કચ્છી વહાણ દરિયા–દોલતને તેં લૂંટીને બુડાડેલું હતું ?'

'મને ખબર નથી.'

'શા માટે ખોટું બોલશ ? તારા પરાક્રમો કાંઇ છાનાં રહે ? નાનું છોકરૂં પણ જાણે છે.' ચાંચીએ કંઇ જવાબ ન આપ્યો.

લાખો ઊભો થયો. તેણે વેંકોબાને તાણીને એક તમાચો ચોડી દીધો. 'બદમાસ, કેમ બોલતો નથી ? અસહાય બાળક છોકરાંને ડુબાડતાં શરમ ન આવી ?'

'બાયલાની પેઠે હથિયાર વગરના ઉપર હાથ કેમ વાળે છે ? માટી થા ! મરદ હો તો લડ મારી સાથે.' ચાંચિયો તાડૂકયો. [ચાલુ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

[અનુસંધાન પૃ. ૩૬]
થયો છે. તે ઉપરાંત **ब्रह्मांडपुराण** તથા **वायुपुराण**માં ગર્દભિલ્લવંશમાં સાત રાજવીઓ થયા હોવાનો ઉલ્લેખ પણ મળી આવે છે.[૧૨] બીજી બાજુએ ચોથી સદીના **तित्थोगालिपइन्नय** થી માંડી પંદરમી સદીના **स्थविरावलि** લગીના જૈન ગ્રન્થોમાં સાત રાજવીઓથી શોભતા ગર્દભિલ્લવંશનો ૧૫૨ વર્ષનો શાસનકાળ અને તેમાં કુલદીપક સમા વિક્રમાદિત્યનું ચરિત્ર નિર્દેશાયલ છે. છતાં વિક્રમાદિત્યના વ્યકિતત્વનો સ્વીકાર ન કરવો તે કયા પ્રકારનો આગ્રહ ગણાય તે સમજી શકાતું નથી.

શાસ્ત્રીજી એમ માનતા જણાય છે કે કાલકાચાર્યે ગર્દભિલ્લને ગાદીએથી ઉઠાડી મૂકયો હોવા અંગેની કથાઓ અગ્યારમી–બારમી સદીમાં આલેખાણી છે. પરંતુ વિક્રમ સંવત ૭૩૩માં રચાયલા પ્રમાણભૂત જૈન શાસ્ત્ર ગ્રન્થ **विशेष निशीथचूर्णि** માં પણ એ કથા આલેખાયલી છે.

આગળ જતાં કેટલાક યુરોપીય વિદ્વાનોને અનુસરીને શાસ્ત્રીજી એમ મનાવવા પ્રયત્ન કરે છે કે ' દંતકથાનો વિક્રમ ચન્દ્રગુપ્ત બીજો હોય એ સંભવિત છે. ' ચન્દ્રગુપ્ત બીજો ઇ. સ. ૩૭૫ લગભગ માં ગાદીએ આવ્યો છે, જ્યારે ઉપર જણાવ્યા અનુસાર તેની પહેલાંના સમયમાં પણ વિક્રમાદિત્યના ઉલ્લેખો મળે છે. પરંતુ એ વિધાનને બાજુએ રાખીએ તો પણ અખિલ ગુપ્તવંશ તો વૈષ્ણવ ધર્મનો પરમ ઉપાસક હતો,[૧૩] જ્યારે દંતકથાઓનો નાયક ને સંવત્સર–પ્રવર્તક વિક્રમાદિત્ય તો પરમ શૈવ હતો. **कथासरित्सागर** વગેરે ગ્રન્થો તેને શૈવ તરીકે ઓળખાવે છે એટલું જ નહિ, પરંતુ જૈન ગ્રન્થો પણ તે સિદ્ધસેન દિવાકરના ઉપદેશથી જૈન ધર્મ પ્રતિ આકર્ષાયો તે પહેલાં તે ચુસ્ત શૈવ ને મહાકાલેશ્વરનો ઉપાસક હોવાનું જણાવે છે.

---

૧૧. **प्रबन्धचिन्तामणि** માં સૌથી પ્રથમ સંવત્સર પ્રવર્તક વિક્રમાર્કનો પ્રબંધ અને તે પછી શાલિવાહન, વનરાજ–મૂળરાજ, ભોજ–ભીમ, સિધ્ધરાજ, કુમારપાળ આદિના વિસ્તૃત પ્રબંધો આવે છે. અંતિમ પ્રકરણમાં કેટલાક પ્રકીર્ણ પ્રબંધો મુકાયા છે તેમાં એક ટૂંકો ' ભર્તૃહરિ પ્રબંધ ' છે. તે પ્રબન્ધમાં એવી હકીકત છે કે– 'ગણપતિના વરદાનથી વિદ્વાન બનેલો અવંતિનો એક બ્રાહ્મણ બીજા કોઇ નગરમાં રાજસન્માન પામ્યો. ત્યાં તે ચાર વર્ણની સ્રીઓથી ઉત્પન્ન થયેલા ચાર પુત્રોને ભણાવતો હતો. તેમાં ક્ષત્રિયકન્યાનો પુત્ર વિક્રમ ને શૂદ્રકન્યાનો પુત્ર ભર્તૃહરિ. ભર્તૃહરિ શૂદ્રકન્યાનો પુત્ર હોઈને તેને ભોંયરામાં રાખીને અભ્યાસ કરાવાતો હતો. તેથી તે ખીજાયો...વગેરે.'

શાસ્ત્રીજી શરૂઆતના વિક્રમાર્ક પ્રબંધને બાજુએ મૂકી પ્રકીર્ણ પ્રબંધોમાંના વિક્રમ શબ્દને પકડી લે છે અને પછી હુએન્સાંગના જણાવવા પ્રમાણે ભર્તૃહરિનું મૃત્યુ ઇ. સ. ૬૫૦ માં થયું છે તે જણાવી જૈન શ્રુતપરંપરા વિક્રમ વિષે એકમત નથી એવી દલીલ કરે છે.

પણ ઉપરોકત નિબંધમાં કયાંય ઉકત વિક્રમ અને સંવત્સર પ્રવર્તક મહાન વિક્રમાદિત્ય એકજ છે એવો નિર્દેશ નથી. ને વિક્રમનામધારીઓ તો હિંદમાં સેંકડો થયા છે, જેમાં ચૌદ તો મહાન નૃપતિઓ હતા (હિન્દી વિશ્વકોશ પુ. ૨૧) પછી આ વિક્રમ શબ્દને મહાન વિક્રમ સાથે સાંકળી દેવાની શી જરૂરિયાત છે ? બીજી બાજુ ભર્તૃહરિનો સમય પણ ચોકકસ નથી. હુએન્સાંગે હિંદના સમય–નિર્દેશો ઇ. સ. માં નહિ, પરંતુ બુધ્ધ સંવતમાં કર્યાં છે. ને ચીનની ગણતરીએ બુધ્ધ સંવત ઇ. સ. પૂર્વે ૯૪૯ માં શરૂ થાય છે, સીલોનની ગણતરીએ ઇ. સ. પૂ. ૫૪૩ માં શરૂ થાય છે અને વર્તમાન વિદ્વાનોની ગણતરીએ ઇ. સ. પૂર્વે ૪૮૭ માં શરૂ થાય છે. તે ઉપરાંત સમય નોંધવામાં પણ હુએન્સાંગ ચોકસાઇ દાખવી શકેલ નથી. એ સંયોગોમાં અસ્પષ્ટ વ્યક્તિત્વને અચોકકસ સમય સાથે સાંકળીને તેને ઐતિહાસિક દલીલનું નામ આપવું એ ઇતિહાસના નામે બુધ્ધિવિભ્રમ જન્માવવાનું જ લક્ષણ ગણાય.

१२ सप्त गर्दभिनश्चैव – **ब्रह्मांडपुराण**. म. भा. उपो. पा. ३ । अ. ७४

सप्त गर्दभिनश्चापि – **वायुपुराण** उत्त. अ. ३७

૧૩ The Gupta kings were avowed Vaisnavas.

The Journal of the University of **Bombay** May 1933. P. 233.

ભારતીય મંતવ્યાનુસાર— ‘ઇ. સ. પૂ. ૬૫ના અરસામાં અવંતીમાં દર્પણ[૧૪] નામે નૃપતિ રાજ્ય કરતો હતો. તેણે ગર્દભી વિદ્યા સાધ્ય કરી હોવાથી તે ગર્દભિલ્લના નામે જાણીતો થયો ને તેનો વંશ પણ પાછળથી ગર્દભિલ્લના નામે ઓળખાયો. તે નૃપતિએ સરસ્વતી નામે એક રૂપવતી જૈન સાધ્વીને કુદૃષ્ટિથી કેદ કરી. તે પ્રસંગે સરસ્વતીના ભાઇ ને મહાન જૈનાચાર્ય કાલકસૂરીએ ગર્દભિલ્લને ખૂબ સમજાવ્યો પણ તે ન સમજતાં કાલકાચાર્યે પારસકુલ (ઇરાન)ના શહેનશાહની મદદથી ગર્દભિલ્લને ઇ. સ. પૂર્વે ૬૧માં અવંતિની ગાદીએથી ઉઠાડી મૂક્યો. ગર્દભિલ્લ હારીને નાશી ગયો. તે પછી શકોએ ચાર વર્ષ અવંતિમાં પ્રભુત્વ ભોગવ્યું. પણ ઇ. સ. પૂ. ૫૭ માં ગર્દભિલ્લના પુત્ર વિક્રમે તેમને હરાવીને અવંતિનું સિંહાસન પાછું મેળવ્યું ને તેણે પૃથ્વીને ઋણમુકત કરી પોતાનો સંવત્સર શરૂ કર્યો છે.’

ભારતીય ગ્રન્થોમાં ગર્દભિલ્લની નાસભાગની હકીકત મળે છે પણ નાસીને તે કયાં ગયો તેની નોંધ નથી. પરંતુ રોમના મહાન ઇતિહાસકાર પ્લીનીની નોંધમાં તે હકીકત મળી આવે છે–

‘ઈ. સ. પૂ. ૬૦ માં ભારતવર્ષના વ્યાપારીઓનાં કેટલાંક સુંદર વહાણો આફ્રિકા જવા ઊપડયાં. સમુદ્રયાત્રા દરમિયાન હિંદી મહાસાગરમાં તેમને એક પ્રચંડ વાવાઝોડાનું તોફાન નડતાં તેમનાં કેટલાંક વહાણ સમુદ્રને તળિયે જઇ બેઠાં. આ વ્યાપારીઓમાં ઉત્તર ભારતનો કતુંકગલ્લ (ગર્દભિલ્લ) નામે એક રાજવી પણ હતો. સદ્‌ભાગ્યે એ રાજવી અને તેની સાથેના બીજા કેટલાક વ્યાપારીઓ તોફાનથી બચી જવા પામ્યા. પરંતુ સમુદ્રના તોફાની પ્રવાહોથી તેઓ આડમાર્ગે ચડી ગયા. લગભગ દશ માસ પછી તેઓ છેક જર્મનીની ખાડીમાં જઇ પહોંચ્યા. જર્મનીમાં કેટલાક દિવસ ગાળીને તેઓ ફ્રાંસ ગયા. ફ્રાંસમાં એ સમયે મિટેલસ નામનો રોમન સૂબો શાસન ચલાવતો હતો. તેણે કતુંકગલ્લ તેમજ તેના સાથીઓનું ભાવપૂર્વક સ્વાગત કર્યું, અને રોમન નૃપતિ ટેટસ ઉપર એક ભલામણપત્ર લખી આપ્યો. એ ભલામણપત્ર લઇને કતુંકગલ્લ અને તેના સાથીઓ રોમ પહોંચ્યા. ટેટસે તેમનું સ્વાગત કર્યું......વગેરે.’

ઉપરનું વર્ણન સ્પષ્ટ રીતેજ ગર્દભિલ્લને લાગુ પડે છે. કેમકે ઇ. સ. પૂર્વે ૬૧ માં ઉત્તર–મધ્ય ભારતનો નૃપતિ તે હતો એટલુંજ નહિ પણ ઇ. સ. પૂ. ૬૧ ના અંતભાગમાં કાલકાચાર્યના હાથે હારીને તેને નાસી જવું પડ્યું હતું. કતુંકગલ્લ નામ પણ ગર્દભિલ્લનુંજ રૂપાંતર જણાય છે. આ ઉપરાંત વિક્રમાદિત્યે સિંહાસને આવ્યા પછી, રોમનનૃપતિએ પિતાનું જે સન્માન કર્યું હતું તેના બદલામાં તેને મિત્રાચારીના જે પત્રો લખ્યા તેમાંનો એક મહત્ત્વનો પત્ર પણ નિકોલસ ડમાસ્કેનસ તેમજ સ્ટ્રેબોની નોંધમાં જળવાઇ રહ્યો છે. નિકોલસ ડમાસ્કેનસ લખે છે કે–

‘ભારતથી એક એલચીમંડળ રોમ જવાને નીકળ્યું અને જળ તેમજ સ્થળની ચાર વર્ષની મજલ પછી ઈ. સ. પૂ. ૨૧ માં સેમસમાં રોમન શહેનશાહ ઓગસ્ટસનો તે સત્કાર પામ્યું. પત્ર–લેખક ભારતીય નૃપતિ પોરસે (પુરુરવસ–વિક્રમાદિત્ય)[૧૫] જણાવ્યું હતું કે પોતે

---

૧૪. **कथासरित्सागर** આ નૃપતિને મહેન્દ્રના નામે ઓળખાવે છે.

૧૫ પ્રો. રોલીન્સન એમ માને છે કે પરદેશી તવારીખ-નવેશો કોઇ પણ હિંદી નૃપતિને માટે ‘પોરસ’ શબ્દ સહેજે વાપરી દે છે એટલે આ પોરસનું વ્યકિતત્વ સ્પષ્ટ કરવું મુશ્કેલ છે. શ્રી. જયચંદ્ર વિદ્યાલંકાર આ પોરસને દક્ષિણના સતવહનવંશી વાશિષ્ઠપુત્ર પુલુમાવી સાથે સરખાવે છે. પણ આ પોરસ એ અવંતિપતિ વિક્રમાદિત્ય હોવાનાં અનેક કારણો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬૦૦ માંડલિક રાજાઓનો સ્વામી હોવા છતાં તે સીઝરની મિત્રાચારીને મૂલ્યવતી લેખે છે અને પોતાના સામ્રાજ્યમાંથી સીઝરને પસાર થવું હશે તો તે માર્ગ આપશે એટલું જ નહિ પણ સદ્‌કર્તવ્યમાં તે મદદ પણ કરશે. પોરસે મોકલાવરાવેલી ભેટોમાં સત્તર ફૂટ લાંબો સાપ, પાંચ ફૂટ લાંબો નદીનો કાચબો, ગીધ કરતાં પણ મોટું તેતર વગેરેનો સમાવેશ થતો હતો. એલચી–મંડળની સાથે ઝર્મેનોચેગસ નામે ભરૂચનો એક સાધુ હતો જે મુકિતની આશાથી સદેહે એથેન્સમાં બળી મૂઓ.' સ્ટ્રેબો પણ આ પ્રસંગ અંગે લગભગ ડમારકેનસને મળતું જ વર્ણન કરે છે.

શાર્પેન્ટિયર, એડગર્ટન, ફ્લાટ, મીસીસ સ્ટીવન્સન, બુલર, ટોની, સ્ટેન કૉનૉવ આદિ મશહૂર પરદેશી વિદ્વાનો પણ કાલકસૂરિ અને ગર્દભિલ્લ વચ્ચેના પ્રસંગને ઐતિહાસિક લેખે છે અને ઇ. સ. પૂ. ૫૭ માં અવંતીમાં સંવત્સર–પ્રવર્તક વિક્રમાદિત્ય થઇ ગયેલ હોવાનો મત માન્ય રાખે છે.[૧૭] ડૉ૦ સ્ટેન કૉનૉવ કહે છે કે–' કાલકાચાર્ય–કથાનકની વિગત ન સ્વીકારવા મને કંઇ કારણ હોય તેમ લાગતું નથી.' એડગર્ટન કહે છે કે–' ઇ. સ. પૂ. ૫૭ માં વિક્રમ નામે કોઇ રાજા નથી થયો એમ કહેવા માટે કોઇ પણ ચોક્કસ પ્રમાણ હોય એ મારા ધ્યાનમાં નથી.'[૧૮]

આશા રાખીએ છીએ કે ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં અવંતીના સિંહાસને વિક્રમાદિત્ય નૃપતિ હોવા અંગે અને તેણે જ વિક્રમ સંવત્સર શરૂ કર્યો સંબંધમાં આ લેખમાં રજૂ થયેલાં પ્રમાણો વાચકને ખાત્રી આપનારાં નીવડશે, અને પરદેશી વિદ્વાનોની સાથે મળીને કેટલાક હિંદી વિદ્વાનો એ મહાન નૃપતિના વ્યકિતત્વને ઢાંકી દેવાનો જે પ્રયત્ન કરી રહ્યા છે તે ઉપેક્ષણીય હોવાના વિષયમાં વાચકો અમારા અભિપ્રાયની સાથે એકમત થશે. *

કાલિદાસે પોતાના **विक्रमोर्वशीय** નાટકમાં પૌરાણિક કથાપ્રસંગની સાથોસાથ પોતાના મિત્ર-નૃપતિ વિક્રમાદિત્યના જીવન-પ્રસંગોને પણ સાંકળી દઇ તેને અર્ધ રૂપક કૃતિ બનાવી છે. તેમાં તે ઇંદ્રને માટે સતત **महेन्द्र** શબ્દ વાપરે છે, જે **कथासरित् सागर** ના આધારે વિક્રમના પિતાનું નામ હતું. પોતાના મિત્ર-નૃપતિ વિક્રમનું બિરુદ તે જેમ પૌરાણિક નૃપતિ પુરુરવસના નામ સાથે સાંકળી દે છે તેમ પુરુરવસના નામને તે વિક્રમમાં સન્મિલિત કરે છે [**विक्रमोर्वशीय** નાટકમાંનાં રૂપકતત્ત્વો માટે જુઓ 'સુવાસ' જૂન-૧૯૪૧]

પોરસ એ નામ અવંતિપતિ વિક્રમાદિત્ય પુરુરવસનું રૂપાંતર છે. શતવહનવંશી વાશિષ્ઠપુત્ર પુલુમાવી તે સમયે સમર્થ નૃપતિ હતો ખરો, પણ તે ૬૦૦ માંડલિક રાજાઓનો અધિપતિ હોવાનું સંભવિત નથી; પુલુમાવી નામ પોરસ સાથે સુસંગત નથી; તેને રોમ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાનું કોઈ કારણ નહોતું; તેમજ એલચીમંડળની સાથે ભરુચનો સાધુ જોડાયલ છે, જ્યારે પુલુમાવીનો તે અરસામાં ભરુચ પર અધિકાર નહોતો. બીજી બાજુ વિક્રમાદિત્ય ભરુચનો સ્વામી હતો; પિતાને રોમપતિએ આશ્રય આપેલો હોઈ તે રોમના આભાર તળે હતો અને તેની સભામાં ૬૦૦ થી ૮૦૦ લગભગ માંડલિક રાજાઓ હોવા અંગે અનેક સાહિત્યિક પ્રમાણો મળી આવે છે. વળી વિક્રમાદિત્ય અને પોરસનો અર્થ પણ એક જ (બળવાન) છે. એટલે રોમન શહેનશાહ ઓગસ્ટસનો મિત્ર ભારતીય સમ્રાટ પોરસ એ અવંતિપતિ વિક્રમાદિત્ય હોવા અંગે શંકા લાવવાનું કોઈ કારણ નથી રહેતું.

૧૬ Ancient India as described in classical Literature. by–Mc Crindle.

17–18. Vikrama's Adventures. Edgerton.

* આ લેખમાં વપરાયલ સંસ્કૃત અવતરણો તેમજ પ્રૂફ–નિરીક્ષણ વગેરેમાં અમૂલ્ય સહાય કરવા માટે પંડિત **શ્રી લાલચન્દ્ર ભ. ગાંધી**નું તેમ જ પરદેશી પ્રમાણોના અવલોકનમાં, પોતાની 'ક્ષિતિજ' નવલકથાના આલેખન માટે ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં હિંદ અને રોમના સંબંધની શકયતાઓ વિચારવાને **શ્રી રમણલાલ વ. દેસાઇ**એ જે નોંધો એકત્ર કરેલી તે નિરીક્ષણાર્થે સોંપવા માટે તેમનું પણ ઋણકૃત્ય અત્રે નોંધપાત્ર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છૂટાં ફૂલ

વનપ્રવેશ પ્રસંગે શ્રી રમણલાલ વ. દેસાઈને અર્પણ થયેલા અભિનંદન–ગ્રન્થમાં કેટલીક ખાસ વિશિષ્ટતાઓ તરી આવે છે.

પં. માલવિયાજી, સર અસુતોષ મુકરજી કે ડૉ. ટાગોરને અર્પણ થયેલા ગ્રન્થોની જેમ આમાં વિદ્વત્તા કે જીવન–સામગ્રીનો ભંડાર નથી ભરેલો. પણ છતાં એમાં જે છે તે ગુજરાતમાં પ્રગટ થયેલા અન્ય અભિનંદન–ગ્રન્થો સાથે સરખાવતાં વિશેષ સ્મરણીય છે.

સુઘડ કલામય રૂપમાં પ્રગટ થયેલા ૨૦૦ પાનાના આ ગ્રન્થના પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે. તેમાં પહેલા અંગ્રેજી વિભાગમાં સર કૃષ્ણમાચારીનો સંદેશ ને એસ. વી. મુકરજી, ડૉ. ભટ્ટાચાર્ય, આશ્વિન, રમાકાન્ત ગૌતમ વગેરેના શ્રી રમણલાલ વિષયક અનુભવ–લેખો પ્રગટ થયા છે.

'સંસ્મરણો' નામે બીજા વિભાગમાં શ્રી રમણલાલનાં કુટુંબીજનો તેમજ મિત્રોના શ્રી રમણલાલ સાથેના સ્મરણીય પ્રસંગો, તેમના જીવનની લાક્ષણિકતાઓ વગેરે વર્ણવતા બાર લેખ પ્રગટ થયા છે. તેમાં કુ. સુધા દેસાઈનો 'પુત્રીની દૃષ્ટિએ' નામક લેખ શ્રી રમણલાલનું ખૂબજ સમીપનું દર્શન કરાવે છે જ્યારે શ્રી રમેશ ગૌતમનો 'ફ્રન્ટિયર મેલ' લેખ શ્રી રમણભાઈના જીવનનો એક લાક્ષણિક પ્રસંગ વર્ણવવા સાથેજ રસમય વાર્તારૂપ પામ્યો છે.

'વિવેચનો' નામના ત્રીજા વિભાગમાં કવિ ન્હાનાલાલનો 'આપણા નવલકથા સાહિત્યમાં શ્રી રમણલાલ દેસાઈનું સ્થાન' નામક લેખ ખૂબજ ધ્યાન ખેંચે છે.–એટલા ખાતર નહિ કે વિવેચનની દૃષ્ટિએ એ લેખ સુંદર છે. (એ દૃષ્ટિએ તો ઊલટું આ લેખ ન્હાનાલાલની સામે લાલ બત્તીની ગરજ સારે છે.) પણ ગુજરાતમાં મુનશીની સામે આજલગી જે કંઈ લખાયું છે તેને ધ્વજાથી શણગારવાનું કામ આ લેખમાં થયું છે. જીવન–દૃષ્ટિએ શ્રી. મુનશી નર્મદની સાથે સરખાવતાં પણ ગાંગો તેલી છે અને સાહિત્ય–દૃષ્ટિએ તેમણે ડુમા–બાલઝાકની ખાળકૂંડીઓની દુર્ગંધજ ફેલાવી છે એ દર્શાવતાં શ્રી ન્હાનાલાલે સરસ્વતીની સૌમ્યતાને પણ ઢાંકી દાધી છે. શ્રી રમણભાઈને અર્પણ થનાર આ ગ્રન્થમાં 'પૃથ્વીવલ્લભ'ને 'પાપનીતરતી નવલકથા' તરીકે વર્ણવતાં કવિવર એ ભૂલી ગયા છે કે શ્રી રમણલાલે જ 'પૃથ્વીવલ્લભ'ને મુનશીની સર્વોત્તમ નવલકથા કહી છે. ને વંઠેલા મુંજને પૃથ્વીવલ્લભ કહેવા માટે મુનશીને ભાંડતી વેળા કવિસમ્રાટ એ પણ ભૂલી જતા લાગે છે કે સંસ્કૃત કવિઓએ પણ મૃણાલના એજ પ્રિયમત મુંજને માટે गते मुंजे यशः पुंजे निरालम्बा सरस्वती એ પ્રશસ્તિ ઉચ્ચારેલી છે.

ચોથા પ્રકીર્ણ વિભાગમાં શ્રી. સુન્દરમ્, પ્રા. વિજયરાય વૈદ્ય તેમજ શ્રી જ્યોતીન્દ્ર દવે વગેરેના પ્રકીર્ણ લેખો પ્રગટ થયા છે.

પાંચમા પરિશિષ્ટ વિભાગમાં સન્માન સમારંભ સમિતિનો એકરાર, શ્રી રમણલાલનાં પુસ્તકો, શ્રી ર. વ. દેસાઈના જીવન–લેખન ઉપરના લેખો ને શ્રી ર. વ. દેસાઈના મુખ્ય જીવન–પ્રસંગો એમ ચાર નોંધો પ્રગટ થઈ છે. તેમાં સમિતિના એકરારમાં શ્રી રમણલાલે પોતાની સામાન્યતા સૂચવીને આ પ્રસંગની જાહેર ઉજવણી સામે વિરોધ દર્શાવતો જે પત્ર લખેલો તે ખાસ સ્મરણીય છે.

× × ×

'Britannia & Eve' ના માર્ચ–૧૯૪૨ ના અંકમાં તથા 'True Ditective' ના એપ્રિલ ૧૯૪૨ ના અંકમાં હીટલર અંગે બે ધ્યાનપાત્ર લેખો પ્રગટ થયા છે. પહેલો લેખ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિવાપાંજલી-સંપાદક અને પ્રકાશક: ડૉ. એમ. ઓ. સુરૈયા, ઘોડબંદર રોડ, જોગેશ્વરી, મુંબઇ મૂલ્ય રૂ. ૧-૮-૦

૧૨૮ પંક્તિનું સ્મૃતિકાવ્ય (Elegy) લખીને અંગ્રેજી સાહિત્યમાં અમર બની ચૂકેલા મહાકવિ ગ્રેના એ કાવ્યને 'નિવાપાંજલિ'ના નામે ગુજરાતીમાં ઉતારવામાં ડૉ. સુરૈયા મહદ્ અંશે સફળ નીવડયા છે. કવિ ગોલ્ડસ્મીથનાં કાવ્યો પરથી અગાઉ પ્રગટ કરેલા 'જતી', 'સૂનું ગામડું' વગેરે અનુવાદોની જેમ આ કાવ્યાનુવાદ પણ સવૈયા એકત્રીસામાં કરીને ડૉ. સુરૈયાએ એ છંદ પરનું પોતાનું પ્રભુત્વ દર્શાવ્યું છે. જેમ 'શાકુન્તલ' વિષે કહેવાય છે કે તેના ચોથા અંકના ચાર શ્લોકોએ જ કવિ કાલિદાસને અમર બનાવ્યો હોત, તેમ ગ્રેના આ કાવ્ય વિષે ડૉ. જહોન્સન સમા વિદ્વાને પણ એવો મત દર્શાવ્યો છે કે તેમાંની ફક્ત બારેક પંક્તિઓ પણ ગ્રેને અમરતા બક્ષવાને પૂરતી છે. એવી પંક્તિઓને પણ સુંદર ગુજરાતી રૂપાંતર આપીને ડૉ. સુરૈયાએ ગુજરાતી અનુવાદ-સાહિત્યની સારી સેવા બજાવી છે—

કેવાં કેવાં પાણીવાળાં, વિમળ, અમૂલાં રત્ન અનેક
પાકે ઘેરા રત્નાકરને ઘોર, અગોચર કોતર છેક!
કેવાં કેવાં સુમન અજાણ્યાં સર્જ્યાં સહુ રમ્ય રંગાશ!
એળે જાય અરણ્યસમીરે મોઘેરી એની મીઠાશ.

Hitler–Last chapter નામે છે અને તેના લેખક પેટ્રીક થોમ્પસન છે; જ્યારે Hitler–The World's worst Criminel નામક બીજા લેખના લેખક અમેરિકાની લશ્કરી સમિતિના પ્રમુખ સેનેટર રોબર્ટ રીનોલ્ડઝ છે. પહેલા લેખમાં હીટલરના માતાપિતાનો ફોટો પ્રગટ થયો છે અને તેમાં હીટલર પિતા પ્રત્યે કેટલો તિરસ્કાર ધરાવતો હતો તે વર્ણવીને ત્રીશ વર્ષની વયે સ્ત્રીહીન, સંતાનહીન, સ્નેહીહીન આ એકલવાયા શુષ્ક ઋષિ સમા યુવકના હૃદયમાં કેવી કેવી ચિનગારીઓ જળતી હતી તેના ચિતાર સાથે જ હીટલરમાં કયા પ્રસંગોથી નાયક બનવાની તમન્ના પ્રગટી તે દર્શાવવામાં આવ્યું છે. બીજામાં હીટલરના બધા રાજકીય ગુન્હાઓની તારવણી આપીને લેખકે દર્શાવ્યું છે કે વિશ્વનો મોટામાં મોટો ખૂની ને ગુન્હેગાર હીટલર છે.

× × ×

Good House Keeping ના માર્ચ ૧૯૪૨ ના અંકમાં ડોરોથી થોમ્પસનનો 'The Next Epoch–A Matriarchy' નામક લેખ પ્રગટ થયો છે. તેમાં વિશ્વમાં ખૂનરેજી અટકાવવાના સોનેરી પગથિયા તરીકે ગૃહ ખીલવણીને મહત્ત્વ આપવામાં આવ્યું છે; અને સ્ત્રીની સાંસારિક ફરજો પર ભાર મૂકવામાં આવ્યો છે. સમાનતાનો આશય કાર્યની વ્હેંચણીમાં નહિ, પણ ઉદ્દેશની સિદ્ધિમાં જળવાવો જોઇએ એ મંતવ્યને રોચક યુક્તિઓ પૂર્વક સમજાવવામાં આવ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છેક છુપાવી દેવો ચેતન સત્ય તણો અતિ તીવ્ર હુતાશ,
હોલવવી નિજ ગાલ ઉપરની ખુલ્લી લજ્જાની લાલાશ,
ને તે ધૂપે ધૂણી કરવી દંભી શ્રીમન્તોને ધામ,
જે ધૂપે કવિતામાતાની જ્યોત ધરે પરિમલ અભિરામ.

ગુરુ નાનક–(શ્રી સયાજી બાલજ્ઞાનમાળા પુષ્પ ૧૭૧ મું)–લેખક: યોગીન્દ્ર જ. ત્રિપાઠી, એમ. એ; પ્રકાશક: લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રેસ, વડોદરા. કિંમત ૦–૮–૦

ગુરુ ગોવિંદસિંહ–(શ્રી સયાજી બાલજ્ઞાનમાળા પુષ્પ ૧૭૩ મું) લેખક: રસુલભાઇ ન. વ્હોરા. પ્રકાશક: લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રેસ, વડોદરા. કિંમત ૦–૮–૦

શિખ સંપ્રદાયના આદિ સ્થાપક ગુરુ નાનક અને એ સંપ્રદાયને સુવ્યવસ્થિત બનાવીને તેને મોગલ આક્રમણ સામે ખડા રહેવાની તાલીમ આપનાર અને અનેક યુધ્ધોમાં વિજયની વરમાળા પહેરનાર દશમા ગુરુ ગોવિન્દસિંહ–પહેલા દીન–દરિદ્રના બેલી ભક્તયોગી, બીજા ક્ષત્રિયોના શિરોમણિ રાજયોગી–એ બંનેનાં જીવનચરિત્ર પ્રગટ કરીને સયાજી બાલજ્ઞાનમાળાએ ગુજરાતની ઊગતી પ્રજાને માટે પ્રેરક વાચનમાં ઉમેરો કર્યો છે.

ગુરુ નાનકના જીવનમાં ચમત્કારો પ્રધાનપદે રહે છે. પણ ચમત્કારો અને અલૈકિકતાના મોહે આપણા વાસ્તવ જીવનમાંથી પુરુષાર્થ અને સારાસારની વિચારશક્તિનાં તત્ત્વોને એટલાં કમી કરી નાંખ્યાં છે કે હવે આપણે એ મોહને તજીને લૈકિક માપથી જ વસ્તુઓનું મૂલ્યાંકન કરતાં શીખવું જોઇએ. ગુરુ ગોવિન્દસિંહના ચરિત્રમાં એ માપ પ્રધાનપદે રહેવાથી તે વધારે વાસ્તવિક બની શક્યું છે.

રેડિયો અને ટેલીવીઝન–[શ્રી સયાજી બાલજ્ઞાનમાળા પુષ્પ ૧૭૦ મું] લેખક: ચંપકલાલ પ્રાણશંકર શુકલ; પ્રકાશક: લુહાણા મિત્ર પ્રેસ, વડોદરા કિંમત ૦–૮–૦

ગુજરાતમાં વિજ્ઞાનને લગતું સાહિત્ય ખૂબ ઓછા પ્રમાણમાં પ્રગટ થાય છે; તેવા સંયોગોમાં વૈજ્ઞાનિક શોધખોળોમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા ' રેડિયો ' અને ' ટેલીવીઝન ' જેવા વિષયો પર સુગમ ભાષા અને રોચક શૈલીમાં પ્રગટ થયેલું આ પુસ્તક જરૂર આવકારપાત્ર ગણાય.

સિંગાપુર –[પૂર્વનો પરિચય ગ્રન્થમાળા]–લેખક : શ્રી ડુંગરશી ધરમશી સંપટ. પ્રકાશક: સ્વસ્તિક બુક ડેપો, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ. કિંમત રૂા. ૦–૨–૦

આ નાનકડી પુસ્તિકામાં સિંગાપુરનો પંદરમી સદીથી માંડીને જાપાનના હાથે થયેલા તેનાં પતન લગીનો સંક્ષિપ્ત અહેવાલ રોચક શૈલીમાં પ્રગટ થયો છે. સાથોસાથ મલાયાનો ઇતિહાસ પણ સંકળાઇ જતો હોઇ ટૂંકમાં વિશેષ માહિતી સાંપડે છે.

માર્શલ ચાંગ-કાઈ-શેક, વિન્સ્ટન ચર્ચિલ, પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ–(જગતના વિધાયકો ગ્રન્થમાળા) લેખક –પ્રકાશક: ઉપર પ્રમાણે. કિંમત પ્રત્યેકના–ચાર આના.

આ ગ્રન્થમાળામાં અગાઉ પ્રગટ થઇ ચૂકેલાં હીટલર અને સ્ટેલીનનાં જીવન–ચરિત્રોના ધોરણે જ ઉક્ત ત્રણે ચરિત્રો ટૂંકમાં આલેખાયાં છે. પાંચેની સામટી કિંમત એક રૂપિયો હોઈને ઓછા ખર્ચમાં વધુ જાણવા ઇચ્છનારને માટે આ યોજના લાભદાયી નીવડવા સંભવ છે.

યુવાનને ખુલ્લો પત્ર–પાઠવનાર: શાંતિલાલ ચંદુલાલ પરીખ, વડોદરા. કિં. ૦–૨–૬

સામાજિક સુધારાને અનુલક્ષીને જોમમય ભાષામાં લખાયલો આ પત્ર આજના યુવાનોને વાંચવો ગમે તેવા રૂપમાં લખાયો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તારાગણ

કલા–સાહિત્ય–વિજ્ઞાન–સમાજ—શ્રી રમણલાલ વ. દેસાઇએ બારમી મેએ પચાશ વર્ષ પૂરાં કરી વનમાં પ્રવેશ કર્યો તે પ્રસંગને અનુલક્ષીને તેમના મિત્રમંડળે સોળમી મેએ સમારંભ યોજી તેમાં ચાંદીની પેટીમાં શ્રી રમણલાલને અભિનંદન ગ્રન્થ અર્પણ કર્યો હતો. અમદાવાદના 'સ્ત્રીજીવન' માસિકે શ્રી રમણલાલના વનપ્રવેશ નિમિત્તે રમણલાલ વિશેષાંક પ્રગટ કર્યો છે. ચાલુ મહિનામાં દિ. બ. કૃષ્ણલાલ ઝવેરી ૭૬ મા વર્ષમાં પ્રવેશ કરતા હોઇને તેમનો મણિમહોત્સવ ઉજવાશે. આ વર્ષે મુંબઇ વિદ્યાપીઠની મેટ્રીકની પરીક્ષામાં ૨૯૦૦૦ લગભગ વિદ્યાર્થીઓ બેઠેલા તેમાંથી પચાશ ટકા લગભગ પસાર થયા છે. શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવના અવસાનથી ખાલી પડેલા ગુજરાત સાહિત્યસભાના પ્રમુખપદે શ્રી રામનારાયણ પાઠકની વરણી. હૈદ્રાબાદ રાજ્યે કચેરીઓનાં સર્વ કામકાજો ઉર્દુ ભાષામાં ચલાવવાનું ફરમાન બહાર પાડયું છે. દીનબન્ધુ સી. એફ. એન્ડ્રુઝના સ્મારક તરીકે શાંતિનિકેતનમાં ખ્રિસ્તી સંસ્કૃતિનું મંદિર સ્થાપવાને માટે મ. ગાંધીજીએ મુંબઇમાંથી ઉઘરાવેલો પાંચ લાખનો ફાળો. વડોદરામાં શ્રી પ્રતાપસિંહરાવ કોમર્સ કોલેજની થનારી સ્થાપના. પુનાની વાડિયા કોલેજને હોસ્પીટાલમાં ફેરવી નાખવામાં આવી છે. માનસ સરોવર અને કૈલાસ પ્રદેશમાં સંશોધન માટે હિમાલય જનારા સ્વામી પ્રણવાનંદ ત્યાં ઉના પાણીનો ઝરો, દરિયાઇ પ્રાણીઓનાં અવશેષો વગેરે શોધવાની આશા રાખે છે. દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લામાં લાગેલી આગ. ઇંગ્લાંડ પરના બોમ્બમારાથી ઐતિહાસિક ઇમારત 'ગીલ્ડ હોલ'નો થયેલો નાશ. લાહોરમાં પંચોલી આર્ટ પીકચરના નવા ચિત્ર અંગે સ્ટુડિયોમાં કામ કરતાં શાંતા આપ્ટેને નડેલો ગંભીર અકસ્માત. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર સ્ટીફન ઝવીગ્ નામના ઑસ્ટ્રિયન લેખકે અમેરિકામાં આપઘાત કરી જીવનનો અંત આણ્યો છે. જાવાલમાં જૈન–વૈષ્ણવ ઝગડાનું મુશ્કેલીએ સમાધાન થયું ત્યાં તો સિરોહીમાં ફરી શરૂ થયેલી જૈન મૂર્તિઓની ભાંગફોડ; કોલ્હાપુર નજીક કુંભોજના શ્વેતાંબર જૈન મંદિર પર આક્રમણ લઈ જઈ દિગંબર જૈનોએ તેને પહોંચાડેલું ગંભીર નુકશાન : [શસ્ત્રસજ્જ સેનાઓ સામે ઝઝૂમવાની અશકિતથી આંતરરાષ્ટ્રિય જગતમાં શાંતિની ગાજરિયા–પિપૂડી વગાડતી વર્તમાન હિંદી પ્રજા અંદરોઅંદરના વિગ્રહ, એકબીજા ધર્મ પ્રતિ દ્વેષ અને એકબીજાનાં મંદિરો સામે આક્રમણ લઇ જઇ માનવસ્વભાવના મૂળમાં રહેલી હિંસક વૃત્તિનું પ્રદર્શન કરી રહી છે.] સરહદના ખાન સાહેબની પુત્રીએ એક ખ્રિસ્તીને વર તરીકે પસંદ કરવાથી ખાનસાહેબે જાહેર જીવનમાંથી નિવૃત્તિ લીધી છે; ને સરહદની મહાસભાસમિતિના ઉપપ્રમુખ સરદાર મિલાપસિંહે ઉકત સંલગ્ન અંગે એક કટાક્ષ કાવ્ય લખવાથી તેમને તેમના પદેથી બરતરફ કરવામાં આવ્યા છે. પૃથ્વી ફરે છે એમ કહેવા માટે ખ્રિસ્તી ધર્મગુરુઓએ ગેલેલિયોને ફાંસીને માંચડે લટકાવી દીધેલો; પણ તાજેતરમાં ઉજવાયલી ગેલેલિયોની ૩૦૦ મી જયંતીમાં ખ્રિસ્તી ધર્મસત્તાએ મહત્ત્વનો ભાગ નોંધાવ્યો છે અને હવે તેઓ એક વિસ્તૃત ગ્રન્થ તૈયાર કરી રહ્યા છે જેમાં એમ પુરવાર થશે કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખ્રિસ્તી ધર્મગુરુઓએ ગેલેલિયોને ફાંસીએ નહોતો લટકાવ્યો એટલું જ નહિ પણ તેને તેનાં વૈજ્ઞાનિક સંશોધનોમાં મદદ કરી હતી. તાજેતરમાં સાન્ફ્રાન્સીસ્કોના એક ગામમાં એક ટાઇપીસ્ટ દરિદ્ર હાલતમાં મરી ગયેલો; તે પછી અમલદારે જ્યારે તેની કોટડીમાં તપાસ ચલાવી ત્યારે ભોંયરાના પોલાણમાંથી તે ટાઈપીસ્ટની બેંકબુક, ૩૦૦૦૦ રોકડા ડોલર, ઝવેરાત વગેરે લાખોની સંપત્તિ મળી આવેલી.

યુદ્ધ–રાજકરણ–મહાત્માજીએ અંગ્રેજો અને બીજા પણ બધા પરદેશીઓને શાંતિથી હિંદ છોડી જવાની સલાહ આપી છે. હવે મહાત્માજી કોઈ નવી રાષ્ટ્રવ્યાપી ચળવળ શરૂ કરવાની વિચારણા ચલાવી રહ્યા છે. મહાત્માજીએ અલ્હાબાદમાં રાજાજીએ મહાસભામાંથી રાજીનામું આપ્યું તે પ્રસંગે મહાસભાસમિતિની કાર્યવાહી અંગે પોતાનો અસંતોષ વ્યકત કર્યો છે. રાજાજીએ મહાસભા તજવાથી તેમના સામે ઠેર ઠેર પ્રગટી નીકળેલો વિરોધ ને મદુરામાં તેમની સભામાં થયેલું તોફાન. સરકારે ખેડૂતોને વધારે અનાજ ઉત્પન્ન કરવાની આપેલી સલાહ, જો ભાવ ગબડી જાય તો જાતે ખરીદી લેવાની આપેલી ખાત્રી. અમેરિકા, ઇંગ્લાંડ ને દક્ષિણ–આફ્રિકા જગતભરનો ચાનો પુરવઠો ખરીદી લેશે. અમદાવાદમાં સાવરકર–જયંતીની થયેલી ઉજવણી. ઇંદોરના મહારાજાએ પ્રે. રૂઝવેલ્ટને હિંદ અને બ્રિટન વચ્ચેની તકરારમાં લવાદ બનવાની વિનંતિ કરતો પત્ર લખ્યો છે કલકત્તા અને મુંબઇમાં ટ્રામ હડતાળ. પટણામાં શ્રી ઇંદુલાલ યાજ્ઞિકના પ્રમુખપદે અખિલ હિંદ કીસાન–પરિષદ. કલકત્તામાં મુર્શિદાબાદના નવાબના પ્રમુખપદે હિંદુ–મુસ્લિમ એકતા–પરિષદ. બેંગલોરમાં કામદાર ટોળા પર ગોળીબાર. પોતાના ગુરુ પીર પગારોની ધરપકડના વૈરમાં હૂરોની ટોળીએ સિંધમાં આદરેલી ત્રાસવાદી પ્રવૃત્તિ–પંજાબમેલ ઉથલાવ્યો, ગૃહમંત્રીના પુત્ર અને ધારાસભ્યનાં ખૂન, બીજા કેટલીક ટ્રેઇનો પણ ઉથલાવી પાડવાના પ્રયત્નો, બસ અટકાવીને કરેલાં ખૂનો. અરણેજ, કોયલી, ખડા, ગાંગરડી, દુવાગામ, દેવડથલ, ધનાલા, પારડી, બગડાણા, બગસરા, બનોસા, બાણાગામ, ભરાડિયા, લસુંદ્રા, વટવા, વનાલા, વાસણા, સરથાણ, સરાઢી, સાકરિયા, સેથમારા વગેરે સ્થળે સશસ્ત્ર ધાડ કે લૂંટફાટના બનાવો. નડિયાદમાં હિંદુ–મુસ્લિમ અથડામણ.

ઝડપી આગેકૂચથી જાપાને બ્રહ્મદેશ પર મેળવેલો અંતિમ વિજય. બ્રહ્મદેશની સરકાર ને સેનાનું હિંદમાં આગમન. જનરલ વેવલે બ્રહ્મદેશના પરાજયના કારણ તરીકે શસ્ત્રો, વિમાનો ને સેનાની અછત દર્શાવી છે. જાપાની સેનાએ અક્યાબનો લીધેલો કબજો. ચીનમાં જાપાનનો ઝડપી ધસારો ને ચિતાગોંગ તેમજ આસામના બીજા કેટલાક વિસ્તારો પર બોંબમારો. પેસીફીકમાં અમેરિકા અને જાપાન વચ્ચે ખેલાયલું ભયંકર નૌકાયુદ્ધ. ૧૧ મી મે એ હીટલરના નવા વસંત–આક્રમણની શરૂઆત. કર્ચ પર જર્મનોએ મેળવેલો વિજય ને ખાર્કોવ તેમજ મોરકો–મોખરે ખેલાઇ રહેલો ભયાનક વિગ્રહ. લીબિયામાં પણ વિગ્રહનાં પુનઃ મંડાણ. ફ્રેન્ચોના સામનાને અવગણીને બ્રિટને લીધેલો માડાગાસ્કરનો કબજો. કોલોનના જર્મન પ્રદેશ પર શાહી વિમાનોનો બોંબમારો અને પરિણામે થયેલી ભયંકર ખુવારી. અમેરિકન સૈન્ય ઑસ્ટ્રેલિયા, હિંદ, આયર્લૅન્ડ વગેરે સ્થળે ઊતરી ચૂક્યું છે ને હવે ફ્રાંસમાં ઊતરશે. ધરી–સબમરીઓને મેક્સીકન નૌકાઓ ડુબાડવાથી મેક્સીકોએ ધરી સત્તાઓ સામે જાહેર કરેલું યુદ્ધ. જર્મન કબજા તળેના વિભાગોના ગેસ્ટાપોના વડા હર હેડ્રીક પર ખૂની હુમલો. પરિણામે ઝેક–પ્રદેશમાં બેહદ સખતાઇ, સેંકડોને ફાંસી ને ખૂનીઓને પકડવામાં મદદ કરનાર માટે જર્મન ને ઝેક સત્તાધીશોએ જાહેર કરેલું એકેક કરોડ ક્રાઉનનું ઇનામ. એબીસીનિયાના શહેનશાહ હેલ સેલાસીએ બધાંજ ખાતાંઓનો વહીવટ બ્રિટિશ સલાહકારોને સોંપ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com